# મોરબી મહાનગરપાલિકા

## આરોગ્ય શાખા

**ગાંધી ચોક, મોરબી**

આરોગ્ય/જા.નં. તા. / /૨૦૨૫

પ્રતિ,
નોડલ ઓફિસરશ્રી
આર.ટી.આઇ વિભાગ
મોરબી મહાનગરપાલિકા.

**વિષય:** પ્રો-એક્ટીવ ડિસ્ક્લોઝર(૧૭ મુદ્દાની પુસ્તિકા) આપવા બાબત.
**સંદર્ભ:**

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે આરોગ્ય વિભાગનું પ્રો-એક્ટીવ ડિસ્ક્લોઝર (૧૭ મુદ્દાની પુસ્તિકા) આ સાથે હાર્ડ-કોપી તેમજ સોફ્ટ કોપીમાં મોકલાવેલ છે જે ધ્યાને લેવા વિનંતી.

આરોગ્ય અધિકારી
મોરબી મહાનગરપાલિકા

- **બિડાણ:**
  આરોગ્ય વિભાગ,પ્રો-એક્ટીવ ડિસ્ક્લોઝર
  -હાર્ડ-કોપી તેમજ સોફ્ટ કોપી.

# મોરબી  મહાનગરપાલિકા

# ગાંધી ચોક

# મોરબી -૩૬૩૬૪૧

# આરોગ્ય વિભાગ,

## ધી રાઇટ ટુ ઇન્ફોર્મેશન એક્ટ,૨૦૦૫ અંતર્ગતની માહિતી.

***<u>પ્રકરણ-૧</u>***

# ***પ્રસ્તાવના***

# ***મોરબી મહાનગરપાલિકા***

## ***૧.૧ આ પુસ્તિકા(માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫) ની પાશ્વાદભુમિકા અંગેની જાણકારી:-***

- આ પુસ્તિકાથી મોરબી મહાનગરપાલિકાની વિવિધ શાખાઓની માહિતી અધિકાર અધિનિયમ ,૨૦૦૫ અન્વયે આપવાની થતી માહિતી રજૂ કરેલ છે.

## ***૧.૨ આ પુસ્તિકાનો ઉદ્દેશ હેતુ:-***

આ પુસ્તિકામાંથી મોરબી મહાનગરપાલિકાની ફરજો , કાર્યપદ્ધતિ, અમલમાં હોય તેવા કાયદા, નિયમો, પેટા નિયમો, વિનિયમો, સ્થાયી આદેશો, માર્ગદર્શિકાઓને લગત માહિતી, મદદનીશ માહિતી અધિકારી, માહિતી અધિકારી અને એપેલેટ અધિકારીને લગત માહિતી તેમજ માહિતી મેળવવા માટેની પ્રક્રિયા જાહેર જનતા સમક્ષ મુકવાનો ઉદ્દેશ છે. અને વહીવટને પારદર્શક બનાવવાનો છે.

## *૧.૩ આ પુસ્તિકા કઇ વ્યકિતઓ /સંસ્થાઓ/સંગઠનો વગેરેને ઉપયોગી છે.?*

માહિતી અધિકાર અધિનિયમ હેઠળ જે કોઇ માહિતી મેળવવા ઇચ્છુક હોય તે તમામને ઉપયોગી છે. ઉપરાંત શહેરમાં આવેલા વ્યાપારી સંગઠનો/સંસ્થાઓ/એસોસીએશનને પણ ઉપયોગી છે.

## *૧.૪ વ્યાખ્યાઓ*

- ધી.બી.પી.એમ.સી.એકટ,૧૯૪૯ માં આપેલ વ્યાખ્યાઓ તથા તે અન્વયે બનાવેલ નિયમો, વિનિયમો વિ.માં આપેલ વ્યાખ્યાઓ અને માહિતી (મેળવવાના) અધિકાર અધિનિયમ - ૨૦૦૫ અને ગુજરાત માહિતી અધિકાર નિયમો - ૨૦૦૫માં આપેલ વ્યાખ્યાઓ અનુસરવાની રહે છે. તેમજ ધી.બી.પી.એમ.સી એકટની કલમ-૬૮ હેઠળ મળેલ સતા અનુસાર અન્ય કાયદાની અમલવારી અર્થે જે તે કાયદામાં આપેલ વ્યાખ્યા અનુસરવાની રહે છે.

## *૧.૫ કોઇ વ્યકિતએ આ પુસ્તિકામાં આવરી લેવાયેલ નિયમો અંગે વધુ માહિતી મેળવવા માંગે તો તે માટેની સંપર્ક વ્યકિત.*

નૉડલ ઓફિસર
આર.ટી.આઇ. વિભાગ,
મોરબી મહાનગરપાલિકા,
ગાંધી ચોક
મોરબી-૩૬૩૬૪૧

## *૧.૬ આ પુસ્તિકામાં ઉપલબ્ધ ન હોય તે માહિતી મેળવવા માટેની કાર્ય પદ્ધતિ અને ફી :-*

- પારા ૧.૫માં દર્શાવેલ અધિકારીશ્રીનો સંપર્ક કરવાથી ઉપલબ્ધ માહિતી આપવા અંગે ફી સહિતની જરૂરી કાર્યવાહી કરવાની અને તેની ઉપલબ્ધતા માટે આગળની કાર્યવાહી કરવામાં આવશે.

# *પ્રકરણ - ૨ (નિયમ સંગ્રહ - ૧)*

# ***<u>સંગઠનની વિગતો, કાર્યો અને ફરજો</u>***

***<u>૨.૧ જાહેર તંત્રના ઉદેશ/હેતુઓ</u>***

આરોગ્ય શાખાનો મુખ્ય હેતુ શહેરના શહેરીજનનાં આરોગ્યની જાળવણી તેમજ રોગચાળા અંગેના અટકાયતી પગલાઓ લેવાનો છે.

***<u>૨.૨ જાહેર તંત્રનું મિશન/દૂરંદેશીપણું (વિઝન)</u>***

જાહેર આરોગ્ય સુખાકારી.

***<u>૨.3 જાહેર તંત્રનો ટૂંકો ઇતિહાસ</u>***

આરોગ્ય શાખા દ્વારા થતી કામગીરીઓ, તેમજ મેલેરિયા નિયંત્રણ વિભાગની કામગીરી તેમજ આર.સી.એચ. વિભાગ, ફૂડ વિભાગની કામગીરી, લગ્ન નોંધણીની કામગીરી તેમજ જન્મ-મરણ વિભાગનો સમાવેશ થાય છે.

## *૨.૪ જાહેર તંત્રની ફરજો*

આરોગ્ય શાખાની ફરજો નીચે મુજબ છે.

૧. શહેરનાં શહેરીજનો ને સુખાકારી/સ્વાસ્થ્ય આરોગ્ય મળી રહે તેવા આયોજનો કરવા.

૨. માતૃ/બાળ કલ્યાણ અંગેના કાર્યક્રમો યોજવા.

૩. શહેરમાં રોગચાળો ફાટી ન નીકળે તેના અટકાયતી પગલા લેવા.

૪. વાહકજન્ય રોગ (મેલેરીયા – ડેન્ગ્યુ – ચિકુનગુનિયા) નિયંત્રણનાં કાર્યક્રમ યોજવા.

૫. ખાદ્ય પદાર્થમાં ભેળસેળ નિવારવાના પગલા લેવા.

૬. ફૂડ લાયસન્સ આપવા.

૭. જન્મ-મરણની નોંધણી કરી દાખલા આપવા.

૮. સ્મશાન/કબ્રસ્તાનની જાળવણી.

## *૨.૫ જાહેર તંત્રની મુખ્ય પ્રવૃતિઓ/કાર્યો*

આરોગ્ય શાખાની મુખ્ય પ્રવૃતિઓ/કર્યો નીચે મુજબ છે.

૧. આરોગ્યલક્ષી કાર્યક્રમો યોજવા.

૨. રોગચાળા અટકાયતી પગલાઓ લેવા.

૩. વાહકજન્ય રોગ (મેલેરીયા – ડેન્ગ્યુ – ચિકુનગુનિયા) નિયંત્રણ કામગીરી.

૪. જાહેર આરોગ્ય જાળવવા શાખા મારફત પ્રચાર-પ્રસાર કરવા.

૫. લોકોને રોગચાળા અટકાયતી પગલા માટે આરોગ્યલક્ષી કાર્યકરોની ટીમ મારફત યોગ્ય માર્ગદર્શન આપવા.

૬. ગુજરાત સરકારશ્રીનાં બાળ/માતૃ કલ્યાણનાં કાર્યક્રમો યોજવા તથા અમલવારી કરવી.

૭. બાળ આંગણવાડી દ્વારા યોગ્ય શિક્ષણ આપવું.

૮. ફૂડથી થતા રોગચાળાને લગત અટકાયતી પગલાની કામગીરી.

## *૨.૬ જાહેર તંત્ર દ્વારા આપવામાં આવતી સેવાઓની યાદી અને તેનું સંક્ષિપ્ત વિવરણ*

# *૧) જાહેર તંત્ર દ્વારા આપવામાં આવતી સેવાઓ નીચે મુજબ છે.*

- આરોગ્યલક્ષી કાર્યક્રમો યોજવા.
- જાહેર જનતાને સુખાકારી સ્વસ્થ અને સુધડ મળી રહે તેવા કાર્યક્રમો.
- ચોમાસા દરમ્યાન ફાટી નીકળતા રોગચાળા અટકાયતી પગલા લેવા.
- બાળ/માતૃ કલ્યાણનાં કાર્યક્રમો યોજવા.
- પ્રસુતિ સહાય, દીકરી યોજના, જે સરકારશ્રી તરફથી ગ્રાન્ટ ફાળવવામાં આવે તેમાંથી લાભાર્થીને લાભ આપવો.

## *મેલેરિયા વિભાગ (વાહક જન્ય રોગ નિયંત્રણ કાર્યક્રમ) ની કામગીરી*

*(૧) વાહક જન્ય રોગ (મેલેરિયા – ડેન્ગ્યુ – ચિકુનગુનીયા)* ***નું સર્વેલન્સ***

એકટીવ સર્વેલન્સ દ્વારા તાવના કેસમાં બ્લડ સ્લાઈડ લઈ તેનુ પરીક્ષણ કરવામાં આવે છે તથા સરકારી હોસ્પિટલ, આરોગ્ય કેન્દ્ર તથા પ્રાઇવેટ હોસ્પિટલ / લેબમાંથી પેસીવ સર્વેલન્સ દ્વારા વાહકજન્ય રોગના કેસની માહિતી લેવામાં આવે છે. મેલેરિયા પોઝિટિવ તમામ કેસોમાં રાષ્ટ્રીય ઔષધ્યસુચિ મુજબ રેડીકલ સારવાર આપવામાં આવે છે.

***(૨) વાહક જન્ય રોગ વિશે લોકોમાં જનજાગૃતિ અર્થે આરોગ્ય શિક્ષણની કામગીરી***

- ✓ ૨૫ એપ્રિલ, ''વિશ્વ મેલેરિયા દિવસ'' ની ઉજવણી
- ✓ ૧૬ મે, ''રાષ્ટ્રિય ડેન્ગ્યુ દિવસ'' ની ઉજવણી
- ✓ જુન માસ દરમ્યાન મેલેરિયા વિરોધી માસની ઉજવણી
- ✓ જુલાઇ માસ દરમ્યાન ડેન્ગ્યુવિરોધી માસની ઉજવણી
- ✓ ટ્રાન્સમિશન સિઝન દરમ્યાન પત્રિકા, હોર્ડિંગ્સ, બેનર, FM રેડિઓ, વર્કશોપ વગેરેના માધ્યમથી આરોગ્ય શિક્ષણની કામગીરી

***(3) વાહક જન્ય રોગના નિયંત્રણની કામગીરી***

- ✓ **ઈન્ટ્રાડોમેસ્ટીક પોરાનાશક કામગીરી** :- મોરબી શહેરનાં ૧૩ વોર્ડમાં સંવેદનશીલ વિસ્તારમાં ઘરોની મુલાકાત લઈ ઘર તથા ઘરની બહાર રહેલા પાણી ભરેલા તમામ પાત્રો તપાસી પોરાનો નાશ કરવાની કામગીરી
- ✓ **પેરાડોમેસ્ટીક પોરાનાશક કામગીરી** :- મોરબી શહેરના વોકળા, નદી તથા અન્ય ખાડાઓમાં પોરાના નાશ માટે દવાનો છંટકાવ કરવાની કામગીરી.
- ✓ **બાયોલોજીકલ કંટ્રોલ** :- બાયોલોજીકલ કંટ્રોલ અંતર્ગત પોરાભક્ષક માછલીનું વિતરણ કરવાની કામગીરી
- ✓ **પૂખ્તમચ્છર નાશક કામગીરી** :-
  - **ફોગીંગ** :-શહેરી વિસ્તારમાં આવેલ પ્રાઇવેટ હોસ્પિટલ તથા સરકારી હોસ્પિટલમાં નોંધાયેલ મેલેરિયા, ડેન્ગ્યુ, ચિકુનગુનીયા પોઝિટિવ કેસમાં દર્દીના રહેણાક તથા કામગીરી / અભ્યાસના સ્થળોએ ઘરમાં ફોગીંગ કરવાની કામગીરી

## (૩) ફૂડ વિભાગની કામગીરી

હાલ કાર્યરત નથી.

## *(૪) જન્મ-મરણ વિભાગની કામગીરી*

(૧) જન્મ નોંધ બનાવની તારીખથી ૨૧ દિવસ સુધીમાં મોરબી મહાનગરપાલિકામાં કોઈ લેઈટ ફી લેવામાં આવતી નથી.

(૨) ૩૦ દિવસ બાદ ૧ વર્ષ સુધીમાં જન્મ-મરણની નોંધણી કરાવવા માટે સોગંદનામું રજૂ કરીને નોંધણી થઇ શકે છે.

(૩) ૧ વર્ષ બાદ જન્મ-મરણ નોંધણી કરાવવા માટે ફસ્ટ ક્લાસ એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબનો હુકમ રજૂ કરીને નોંધણી થઇ શકે છે.

(૪) જન્મ-મરણ નોંધણીના સંપૂર્ણ ડેટા કાયમી રાખવામાં આવે છે.

(૫) મરણ નોંધ ૩૦ દિવસમાં તદન ફ્રી છે.

(૬) જાન્યુઆરી – ૨૦૨૪ થી ડિસેમ્બર – ૨૦૨૪ માં નોંધાયેલ જન્મ મરણની વિગતો નીચેના કોષ્ટક મુજબ છે.

| જન્મ નોંધ | | | | મરણનોંધ | | | | મૃત જન્મેલ | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| પુરુષ | સ્ત્રી | અન્ય | કુલ | પુરુષ | સ્ત્રી | અન્ય | કુલ | પુરુષ | સ્ત્રી | કુલ |
| ૭૩૩૬ | ૬૬૯૦ | ૧ | ૧૪૦૨૭ | ૧૨૦૪ | ૭૫૭ | ૦ | ૧૯૬૧ | ૨૨ | ૨૩ | ૪૫ |

## *(૫) લગ્ન નોંધણી વિભાગની કામગીરી*

(૧) લગ્ન નોંધણી માટે લગ્નની તારીખથી ૩૦ દિવસ સુધીમાં મોરબી મહાનગરપાલિકામાં કોઈ લેઈટ ફી લેવામાં આવતી નથી.

(૨) લગ્ન નોંધણી અધિનિયમ 'બોમ્બે મેરેજ એક્ટ ૧૯૫૩' અન્વયે થયેલ નોંધણીની ગુજરાત લગ્ન નોંધણી અધિનિયમ ૨૦૦૬ મુજબ ફરીથી નોંધણી કરી શકાતી નથી.

(૩) લગ્ન નોંધણીના સંપૂર્ણ ડેટા કાયમી રાખવામાં આવે છે.

## *૨. મહાનગરપાલિકા સંચાલિત આરોગ્ય કેન્દ્ર*

→ મોરબી મહાનગરપાલિકા દ્વારા ૫ શહેરી આરોગ્ય કેન્દ્ર નીચે મુજબ સેવાઓ આપે છે.

- દરેક માટે વિના મુલ્યે O.P.D. સેવાઓ
- દરેક માટે લેબોરેટરી સેવાઓ જેવી કે મેલેરિયા, લોહીની તપાસ, ટાઈફોઈડ , ઝેરી કમળા માટે નિદાન, HIV એઈડ્સનું નિદાન

→ જન્મથી ૧૬ વર્ષનાં બાળકોનું રસીકરણ.

- બી.સી.જી.
- પોલિયો
- પંચગુણી રસી
- ઓરી
- ડી.ટી. અને ટી.ટી. જેવી રસી

→ સગર્ભા બહેનો માટે.

- નોંધણી, વજન, ઊંચાઈ
- શારીરિક તપાસ
- ટી.ટી. ની રસી
- આયર્ન, ફોલિક, કેલ્શિયમ જેવી દવાઓ
- ડીલેવરી ને લગતી સંભાળ તથા બાળકના જન્મ બાદની તપાસ

→ કુટુંબ કલ્યાણ માટે.

- આકડી
- નિરોધ
- ઓરલપીલ્સ
- સ્ત્રી તથા પુરુષ બંનેના ઓપરેશનની સુવિધા

→ તેમજ આઈ.ઈ.સી. એક્ટીવીટી દ્વારા

- રસીઓ
- સગર્ભાવસ્થા દરમ્યાન ખોરાક
- ડીલેવરી બાદની સર્સંભાદનું શિક્ષણ આપવામાં આવે છે.

# *મેલેરિયા વિભાગ*

૧) **મેલેરિયા ઓફિસ :-** રેનબસેરા, મોરબી

**૨.૧૨ કચેરીઓ શરુ થવાનો સમય અને બંધ થવાનો સમય.**

| | | |
|---|---|---|
| ૧ | **મુખ્ય કચેરી** | શરુ થવાનો સમય -- સવારે ૧૦:૩૦ કલાક<br>બંધ થવાનો સમય -- સાંજે ૦૬:૧૦ કલાક |
| ૨ | **મેલેરીયા કચેરી** | શરુ થવાનો સમય -- સવારે ૧૦:૩૦ કલાક<br>બંધ થવાનો સમય -- સાંજે ૦૬:૧૦ કલાક |
| ૩ | **દવાખાના/ડિસ્પેન્સરી** | સવારે : ૦૯:૦૦ થી ૧૩:૦૦ } સોમવાર<br>બપોરે : ૪:૦૦ થી ૦૬;૦૦ } થી શુક્રવાર<br>સવારે : ૦૯:૦૦ થી ૧૩:૦૦ – શનિવાર |
| **નોંધ : બપોરે ૦૨:૦૦ કલાક થી ૦૨:૩૦ કલાક રીસેસ** | | |

## *પ્રકરણ-૩ (નિયમ સંગ્રહ-૨)*

# *અધિકારી અને કર્મચારીઓની સત્તા અને ફરજોની વિગતો*

## *૩.૧ આરોગ્ય શાખાના અધિકારીઓ અને કર્મચારીઓની સત્તા અને ફરજોની વિગતો*

સરકારશ્રી અને મહાનગરપાલિકા ના નિયમો અનુસાર

## *૩.૨ મેલેરિયા વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓની સત્તા અને ફરજોની વિગતો*

### મેલેરિયા વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓની સત્તા અને ફરજોની વિગતો

**(૧) બાયોલોજિસ્ટ :-**

1. ભારત સરકારશ્રીનાં આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય અંતર્ગત નેશનલ નોડલ સંસ્થા એન.વી.બી.ડી.સી.પી. તથા રાજય કક્ષાએથી વેકટર બોર્ન ડીસીઝની ગાઈડલાઈન, માર્ગદર્શક સુચનો અનુસાર શહેરી વિસ્તારો માટે વાહક જન્ય રોગ નિયંત્રણની કામગીરી કમિશનરશ્રી તથા આરોગ્ય અધિકારીશ્રીના સીધા માર્ગદર્શન મુજબ તાંત્રિક અને વહીવટી બાબતો અંગે આયોજન, અમલીકરણ, દેખરેખ અને માર્ગદર્શન મુજબ કામગીરી કરવાની રહેશે.
2. ભારત સરકાર અને રાજય સરકારશ્રી તરફથી યોજાતી મિટીંગો, વર્કશોપ તથા કાર્યશિબીરોમાં હાજરી આપવી અને તેમની ગાઈડલાઈન અનુસાર વાહક જન્ય રોગ નિયંત્રણની કામગીરીનો વખતો વખતના સુધારાત્મક નિતીઓ, અભિગમો વગેરેનો અમલ કરાવવો.
3. શહેરી વિસ્તારોમાં વાહક જન્ય રોગોનું તાંત્રિક અને વૈજ્ઞાનિક–ઢબે અમલીકરણ પ્રવૃત્તિઓ સુચારૂ રીતે કરાવવા બાયોલોજીસ્ટના વડપણ હેઠળ દરેક ઝોનના મેલેરિયા ઇન્સ્પેકટર દ્વારા હાથ ધરાય તે જોવાની સીધી જવાબદારી વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગનાં વડાની રહેશે.
4. ખાતાની કામગીરીમાં જોડાયેલ દરેક કર્મચારીના હોદ્દા મુજબ ફરજો અને જવાબદારીઓની સોંપણી કરી નકકી કરેલ કાર્યયોજના (Action Plan) મુજબ પ્રવૃત્તિઓ અને પેટા પ્રવૃત્તિઓની કામગીરી અને તેની સિદ્ધિઓ નકકી કરેલ માપદંડ મુજબ અદા કરાવવાની રહેશે.
5. શહેરી વિસ્તારોની રચનાને ધ્યાને રાખી મેલેરીયા, ડેન્ગ્યું, ચીકનગુનિયા જેવા રોગોનું સર્વેલન્સ અઠવાડિક/પખવાડિક ધોરણે હાથ ધરાવી રોગોનું ભારણ ઘટાડવા જુદા જુદા વાહક મચ્છરોને અસરકારક પગલાઓ લઈને અંકુશ હેઠળ રાખવાના રહેશે.
6. વાહક જન્ય રોગોના અટકાવ અને નિયંત્રણ માટે અસરકારક જંતુનાશક દવાઓ અને લાર્વીસાઈડસ દવાઓ તથા વાહક જન્ય રોગોનાં સચોટ નિદાન અને સારવાર માટે જરૂરી અને જીવનરક્ષક દવાઓ તથા પ્રાયોગિક પરિક્ષણો માટે જરૂરી એવી તમામ સાધન સામગ્રી સમયસર રાજય સરકાર તરફથી ઉપલબ્ધ કરાવી અને પુરી પાડવાની રહેશે.
7. વાહક જન્ય રોગોમાં ઉદ્દભવતા રોગચાળાઓ કે કેસોમાં અસાધારણ વધારો નિયંત્રિત કરવા રોગચાળો ઉગતો જ ડામી દેવાની પૂર્વ તૈયારીઓ અને તેનો વહેલાસરનો પ્રતિભાવ આપવા યુધ્ધના ધોરણે લેવાના થતા પગલાઓનું આયોજન કરાવવાનું રહેશે. આ અંગે વિવિધ ખાતાઓનું સંકલન, સામેલગીરી અને સહકાર મ્યુનિસીપલ કમિશ્નરશ્રીના અધ્યક્ષાપણા હેઠળ કેળવવાનો રહેશે.

(૨) **મેલેરિયા ઇન્સ્પેકટર** :-

1. તે વાહક જન્ય રોગ નિયંત્રણ અંગેની તમામ કામગીરી બાબતનું જ્ઞાન ધરાવતો હોવો જોઈએ. એન્ટીલાર્વલની કામગીરી, ફોગીંગની કામગીરી અને મચ્છર ઉત્પત્તિ સ્થાનો ઘટાડવા અંગેના વિવિધ પગલાઓ જેવા કે, બાયો-એન્વાયરર્નમેન્ટલ નિયંત્રણના પગલાઓ બાબતે સુમાહિતગાર હોવો જોઈએ. પોરાભક્ષક માછલીઓ દ્વારા પોરાનાશક કામગીરીનું જ્ઞાન ધરાવતો હોવો જોઈએ. રાસાયણિક પોરાનાશક દવાઓના ઉપયોગ બાબતે જાણકાર હોવો જોઈએ.
2. તેના તાબા હેઠળના કર્મચારીઓની રોજે રોજની કામગીરી બાબતે તે પોતે સંપુર્ણ જવાબદાર રહેશે. જંતુનાશક દવા વપરાશ વપરાશની રોજે રોજની નોંધ તેણે સ્ટોક રજીસ્ટરમાં કરાવવાની રહેશે.
3. તેણે ટોર્ચ, ડીપર, વર્ક ડાયરી વગેરે હંમેશા પોતાની સાથે રાખવાના રહેશે, અને તેના દ્વારા મચ્છરના ઉત્પત્તિ સ્થાનો શોધી તેને નિયત ડોઝમાં યોગ્ય જંતુનાશક દવાનો છંટકાવ કરાવવાનો રહેશે.
4. કર્મચારીઓ દ્વારા યોગ્ય સ્થાને યોગ્ય માત્રામાં દવા છંટકાવની કામગીરી કરવામાં આવે, દવાનો દુરૂપયોગ ન થાય, તેમજ જરૂરીયાત મુજબ દવાનો આગોતરો જથ્થો સંગ્રહ કરવા અંગેની જવાબદારી તેમની રહેશે.
5. તેણે મચ્છર નિયંત્રણ પ્રોગ્રામનું સઘન અને નિષ્ઠાપુર્વકનું ક્રોસ ચેકીંગ હાથ ધરવાનું રહેશે.
6. તેના તાબા હેઠળના કર્મચારીઓ ફરજના પુરેપુરા સમય દરમ્યાન ફિલ્ડમાં કાર્યરત રહે તે અંગેની તકેદારી રાખવી. તેના વિસ્તારમાં કામગીરી કરેલ વિસ્તારમાં ટ્રીટમેન્ટ આપ્યા વિનાના મળેલ બ્રિડીંગ માટે તેઓ પોતે જવાબદાર ગણાશે. તેણે જાતે લાર્વલ ડેન્સીટી/એડલ્ટ ડેન્સીટીનું વ્યકિતગત ક્રોસ ચેકીંગ કરવાનું રહેશે.
7. તેણે એકટીવ-પેસીવ સર્વેલન્સ, ઈન્ટ્રાડોમેસ્ટીક સર્વે, પેરા-ડોમેસ્ટીક સર્વેની તમામ કામગીરીનું સુપરવિઝન કરવાનું રહેશે.
8. એમના ઝોનમાં ફાળવવામાં આવેલ જંતુનાશક દવાઓ, સાધન-સામગ્રીનો દુરૂપયોગ કે ઉચાપત ન થાય તેની તકેદારી લેવી.
9. તેણે સાધન-સામગ્રીના યોગ્ય નિભાવની તકેદારી રાખવી અને ગુમ થયેલ સાધન-સામગ્રી બાબતે જવાબદારી નકકી કરી ઉપરી અધિકારીને ધ્યાને વિગત લાવવાની રહેશે.
10. તેણે સ્ટોક રજીસ્ટર, દૈનિક રીપોર્ટ તથા અન્ય કામગીરીને લગત રીપોર્ટ વગેરેનું રીપોર્ટીંગ કરી રિપોર્ટ બાયોલોજીસ્ટશ્રી / આરોગ્ય અધિકારીશ્રીને સમયમર્યાદામાં નિયમિત પહોંચાડવાનો રહેશે.
11. મચ્છર વધુ હોય તેવા વિસ્તારની ભૌગોલિક પરિસ્થિતિનો કયાસ તેણે સમયાંતરે નિયમિત રીતે હાથ ધરવો. તેના વિસ્તારના નવા ઉત્પત્તિ સ્થાનો શોધી કાઢી બાયોલોજીસ્ટશ્રી / આરોગ્ય અધિકારીશ્રી ના ધ્યાન ઉપર લાવી રેકર્ડમાં નોંધ કરી જરૂરી પગલાં લેવા.
12. તાબા હેઠળના કર્મચારીઓની ફરજ પર હાજર સમયે અને ફરજ પૂર્ણ સમયે હાજરી લેવી.
13. મચ્છર ઉત્પતિ સબબ નોટીસ ઈસ્યુ કરવા છતાં સમય મર્યાદામાં ખામી દૂર ન કરનાર ઈસમો પાસેથી વહીવટી ખર્ચ વસુલાતની કામગીરી કરવાની રહેશે.
14. ઝોનની તમામ કામગીરીનુ સંપૂર્ણ સુપરવીઝન તેમણે કરવાનુ રહેશે.
15. તેણે તેમના ઉપરી અધિકારીઓ દ્વારા જે સુચનો મળે તે મુજબની કામગીરી કરવાની રહેશે.

**ઇન્સેકટ કલેકટર** :-

**ઇન્સેકટ કલેકટર** (IC) મચ્છર નિયંત્રણ ઓપરેશનના ક્રોસ ચેકીંગ કાર્યનો એક ભાગ છે. તે નિયંત્રણ કાર્યના નિરીક્ષણ અને કાર્યમાં અને કામગીરીમાં સુધારામાટે ચાવીરૂપ ભૂમિકા નિભાવી શકે છે. તેણે કલેકશન માટેની જરૂરી સાધન સામગ્રી રાખવાની રહેશે. તેણે એન્ટોમોલોજીકલ ડેટા આપવાના રહે છે. તેઓ મચ્છર પકડવાની રીત થી માહિતગાર હોવા જોઇએ. તેણે તેની કામગીરીની જરૂરિયાત માટેની સાધન સામગ્રી ફરજના સમય દરમ્યાન અચુક પણે સાથે રાખવાની રહેશે. જે નીચે મુજબ છે.

(૧) કેનવાસની બેગ
(૨) એક મોસ્કીટો સકશન ટયુબ
(૩) ટેસ્ટ ટયુબસ
(૪) કોટન

1. જે તે દિવસે તેને ફાળવેલ કલેકશન સેન્ટરો પૈકી તેણે દરેક સેન્ટરો પર ૧૫ મીનીટ દરેક ફિક્ષ (રૂટિન) અને રેન્ડમ કલેકશન સેન્ટરો પર મચ્છર પકડવાના સ્થળોની મુલાકાત લેવાની રહે છે.
2. દરેક સેન્ટર પર કામગીરી ચાલુ કરતા પહેલા પોતાના કામગીરી રજીસ્ટરમાં સમયની નોંધ કરવી. મચ્છરના આરામ કરવાના સ્થળો જેવા કે, અંધારા ખૂણા, ફર્નીચરના નીચેના સ્થાનો, દિવાલો પરના સાધનોની પાછળના સ્થળો ઉપરથી ટયુબમાં મચ્છરો પકડયા બાદ તેમને ટેસ્ટ ટયુબમાં ટ્રાન્સફર કરવા.
3. ટેસ્ટ ટયુબને બંધ કરી કલેકશન સેન્ટરના સ્થળ, મચ્છરના પ્રકાર વગેરેની માહિતી અને વિસ્તારનું નામ નોંધવાનું રહેશે.
4. **ઇન્સ્પેકટ કલેકટર** (IC) એ અલગ અલગ કલેકશન સેન્ટરો પરથી પકડાયેલ મચ્છરો માટે મચ્છરની ઓળખ જે તે દિવસે જ કરી તેની વિસ્તૃત નોંધ રાખવી. તેણે એન્ટોમોલોજીકલ પધ્ધતિથી પ્રતિ વ્યકિત મચ્છરની ઘનતા (ડેન્સીટી), પોરાની ઘનતા (લાર્વલ ડેન્સીટી) અને પુખ્ત મચ્છરોની ઓળખ વિગેરેની માહિતીની જાણકારી મેળવવાની રહેશે,
5. તેમજ મચ્છરોની અને સાધનોની જાળવણી અને આંકડાકીય માહિતીની નોંધ અંગેની કામગીરી કરવાની રહેશે. તેણે ફિલ્ડ વિઝીટ દરમ્યાન એન્ટી લાર્વલની કામગીરીના સ્થળે સંલગ્ન વેકટર ડેન્સીટી અને લાર્વલ ડેન્સીટીની સરખામણી કરવાની રહેશે.
6. **ઇન્સેકટ કલેકટર** (IC) એ મચ્છરોની ઓળખ કરી તેનો રીપોર્ટ બાયોલોજીસ્ટશ્રી અને મેલેરિયા ઇન્સ્પેકટરશ્રીને કરવાનો રહેશે.
7. ઇન્સેકટ કલેકટર (IC) એ ટોર્ચ, ડીપર, રજિસ્ટર વગેરે હંમેશા પોતાની સાથે રાખવાના રહેશે, અને તેના દ્વારા મચ્છરના ઉત્પત્તિ સ્થાનો શોધી મળેલ બ્રિડીંગનો નાશ કરાવવાનો રહેશે.
8. ઇન્સેકટ કલેકટર (IC) એ તેના સેન્ટરો પરથી મળેલ વેકટરની જાણ જે તે ઝોનનાં સુપિરીયર ફિલ્ડવર્કર અથવા હાજર રહેલ જવાબદાર કર્મચારીને જે તે દિવસે કરવાની રહેશે.
9. આ ઉપરાંત તેમના ઉપરી અધિકારી દ્વારા જે સુચના મળે તે મુજબની કામગીરી કરવાની રહેશે.

સુપિરીયર ફિલ્ડવર્કર :-

1. તેઓને ફાળવવામાં આવેલ વિસ્તારમાં તેઓના તાબા હેઠળના સ્ટાફ પાસેથી સર્વેલન્સ અને ઈન્ટ્રાડોમેસ્ટીક પેરાડોમેસ્ટીક – પોરાનાશક કામગીરીના કરાવી, આ કામગીરીનું સુપરવીઝન કરવાનું રહેશે.
2. તેને સોંપવામાં આવેલ ફિલ્ડવર્કરનાં કામની વહેંચણી તેણે એવી રીતે કરવી જેથી કામગીરી સમયે તે દરેકની કામગીરી ઉપર નિયંત્રણ રાખી શકે, અને જે તે દિવસનો સંપુર્ણ વિસ્તાર કવર કરી શકાય.
3. તેઓએ તેમના વોર્ડ-વિસ્તારમાં રોજે રોજ ઉપયોગમાં લેવામાં આવતી જંતુનાશક દવાના વપરાશની માહિતી રાખવાની રહેશે. જે માહિતીની નોંધ મેલેરીયા ઈન્સપેકટરને લખાવવી.
4. તેણે ટોર્ચ, ડીપર, વર્ક ડાયરી વગેરે હંમેશા પોતાની સાથે રાખવાના રહેશે, અને તેના દ્વારા મચ્છરના ઉત્પતિ સ્થાનો શોધી તેમાં નિયત ડોઝમાં યોગ્ય જંતુનાશક દવાનો છંટકાવ કરાવવાનો રહેશે.
5. તેણે તેના તાબા હેઠળના ફિલ્ડવર્કરને ફરજના પુરેપુરા સમય સુધી ફિલ્ડમાં હાજર રહી તમામ બ્રિડીંગ સ્થાનો પર માઈનોર એન્જી. વર્ક કરી દવાનો છંટકાવ કરે તેની તકેદારી રાખવાની રહેશે. જો તેઓને સોંપવામાં આવેલ વિસ્તારમાં મચ્છર ઉત્પતિ સ્થાન ટ્રીટમેન્ટ આપ્યા વગરનો જણાશે તો તે માટે તેની જવાબદારી ગણવામાં આવશે.
6. દિવસની કામગીરીના અંતે તાબા હેઠળના કર્મચારી પાસેથી સાધન સામગ્રી પરત મેળવી મેલેરીયા ઇન્સ્પેકટર પ્રતિ જમા કરાવવી અને જો સાધનોમાં માઈનોર રીપેરીંગ જરૂરી હોય તો તે તાત્કાલિક કરાવી સાધનો ચાલુ હાલતમાં રાખવા. સાધન-સામગ્રી સારી (ચાલુ) હાલતમાં રહે, અને રોજે રોજ તેની કાળજી લેવાય તે મુજબ વ્યવસ્થા કરવી.
7. ફિલ્ડ વર્કર અને તેઓની રોજે રોજની કામગીરીની નોંધ રજિસ્ટર/ ડાયરીમાં રાખવી.
8. તેના તાબા હેઠળનાં કર્મચારીઓની શિસ્ત અંગેની જવાબદારી તેના શીરે રહેશે, ફિલ્ડમાં કર્મચારીઓની સવાર, બપોર અને સાંજની હાજરી તેણે રૂબરૂમાં લેવી.
9. તાબા હેઠળના કર્મચારીઓને સવારે સાધન-સામગ્રી આપવી અને સાંજે બરાબર સફાઈ કરાવડાવી પરત મેળવવી.
10. તેમના વોર્ડમાં ફાળવવામાં આવેલ જંતુનાશક દવાઓ, સાધન-સામગ્રીનો દુરુપયોગ કે ઉચાપત ન થાય તેની તકેદારી લેવી. અન્યથા તેની તમામ જવાબદારી તેઓના શીરે રહેશે.
11. ગુમ થયેલ સાધન-સામગ્રી અંગે સબંધિત કર્મચારીની જવાબદારી નકકી કરી તાકીદે તેનો રીપોર્ટ મેલેરીયા ઈન્સપેકટરશ્રીને તાત્કાલિક રીકવરી માટેની કાર્યવાહી માટે કરવો. તેમજ આવા ગુમ થયેલ સાધન-સામગ્રીના ગુમ થવા અંગેના કારણો શોધી વિગતવાર વાસ્તવિક કારણો સહીતનો લેખિત રીપોર્ટ ઉપરી અધિકારીને કરવો.
12. પોઝીટીવ કેસોની માહિતી મેળવી કરવા જોગ કામગીરી જેવી કે, સર્વેલન્સ, પોરાનાશક કામગીરી, પુખ્ત મચ્છરનાશક કામગીરી અને કોન્ટેકટ સ્મીયર, ફોલોઅપ સ્મીયર, ફોલોઅપ ટ્રીટમેન્ટ કામગીરી કરાવવી. તેના કાર્યક્ષેત્ર વિસ્તારમાં મેલેરિયા પોઝિટીવ કેસને રેડીકલ ટ્રીટમેન્ટ રૂબરૂ આપવાની જવાબદારી તેના શીરે રહેશે.
13. ક્રોસ ચેકીંગ દરમ્યાન ઝોનના મેલેરિયા ઈન્સપેકટરે જણાવેલ કામગીરી તાત્કાલિક પુર્ણ કરવી, તેમજ દિવસ દરમ્યાન કરવામાં આવેલ કામગીરીનો રિપોર્ટ રોજ રોજ તેમના ઉપરી અધિકારીને આપવો.
14. તેણે એન્ટીલાર્વલની કામગીરી દરમ્યાન મળી આવેલ બ્રિડીંગનાં ઘરના રહીશોને નોટીસ આપવાની રહેશે. નોટીસ ઈસ્યુ કરવા છતાં સમય મર્યાદામાં ખામી દૂર ન કરનાર આસામી પાસેથી વહીવટી ખર્ચ વસુલાત કરવાનો રહેશે.

15. તેણે તેમના ઉપરી અધિકારીઓ દ્વારા જે સુચનો મળે તે મુજબની કામગીરી કરવાની રહેશે.

ફિલ્ડવર્કર / લેબર :-

1. ફિલ્ડ વર્કરે સુપિરીયર ફિલ્ડવર્કર અને ઉપરી અધિકારીની સુચના મુજબ વાહક નિયંત્રણની તમામ કામગીરી કરવાની રહેશે. જે માટે જરૂરી સાધન સામ્રગી ચાલુ હાલતમાં છે કે નહીં તે તપાસી ફિલ્ડમાં સાથે લઇ જવાના રહેશે.
2. ફિલ્ડ વર્કરે ટોર્ચ, ડીપર, ટેલીસીટ વગેરે હંમેશા પોતાની સાથે રાખવાના રહેશે, અને તેના દ્વારા મચ્છરના ઉત્પતિ સ્થાનો શોધી મળેલ બ્રિડીંગનો નાશ કરાવવાનો રહેશે.
3. ફિલ્ડ વર્કરે કાર્યક્ષેત્ર હેઠળનાં વિસ્તારમાં આવતા બાંધકામોનો નિયમીત સર્વે કરવો. તથા વાહકનિયંત્રણના પગલાં લેવા.
4. ફિલ્ડ વર્કરે ઘરના તમામ પાણી સંગ્રહસ્થાનો/વાસણો ચેક કરવા, તેમજ મચ્છરની ઉત્પતિ જણાય તો તેનો નાશ કરવો તેમજ તે ઘરનાં રહીશને નોટિસ આપવા સુપિરીયર ફિલ્ડવર્કરને જાણ કરવી.
5. ફિલ્ડ વર્કરે ઘરની પાણી સંગ્રહ કરવા માટેની ઓવરહેડ/અન્ડરગ્રાઉન્ડ/ગ્રાઉન્ડ ટાંકીઓ પર હવાચુસ્ત ઢાંકણ ચેક કરવું. તેમ ન હોય તો હવાચુસ્ત ઢાંકણ બનાવવા માટે નોટીસ આપવા સુપિરીયર ફિલ્ડવર્કરને જાણ કરવી.
6. ફિલ્ડ વર્કરે તેમના ઉપરી અધિકારીઓ દ્વારા જે સુચનો મળે તે મુજબની કામગીરી કરવાની રહેશે.
7. ફિલ્ડ વર્કરે પાણી ભરેલ તમામ પાત્ર / સ્થળોમાં બ્રિડીંગ જણાયે પાત્રોમાં નિયત ડોઝ મુજબ દવા નાખવાની અથવા તેને ખાલી કરાવવાની અથવા સોર્સ રીડકસનની કામગીરી કરવાની રહેશે.
8. જે તે મિલ્કતનાં ધાબા/છાપરા/વરંડા પર પડી રહેલ નકામો કાટમાળ/સાધનો/ટાયરો કે જેમાં વરસાદી પાણીના ભરાવાની શકયતાઓ છે, તેનો સુરક્ષિત સ્થળે નિકાલ કરાવવો.
9. તેઓને સોંપવામાં આવતા સાધન સામ્રગી ચાલુ હાલતમાં રાખવાના રહેશે તથા કામગીરી બાદ દિવસના અંતે સાફ – સફાઇ કરી જમા કરાવવાના રહેશે.
10. વરસાદી કે અન્ય પાણી ભરેલ ખાડા – ખાબોચીયા કે સંગ્રહિત પાણીમાં વનસ્પતિ સહિતનો કચરો દૂર કરી દવા છંટકાવની કામગીરી કરવાની રહેશે.
11. પોઝિટીવ કેસ તથા ફરીયાદમાં ફોગીંગ સહીત પુખ્ત મચ્છરનાશક કામગીરી કરવાની રહેશે.
12. પોરાભક્ષક માછલી વિતરણની કામગીરી કરવાની રહેશે.
13. પત્રિકા વિતરણ સહીત આરોગ્ય શિક્ષણની કામગીરી કરવાની રહેશે.
14. તેણે તેમના ઉપરી અધિકારીઓ દ્વારા જે સુચનો મળે તે મુજબની કામગીરી કરવાની રહેશે.

# પ્રકરણ – ૪ (નિયમ સંગ્રહ – ૩)

# કર્યો કરવા માટેના નિયમો,વિનિયમો, સૂચનાઓ, નિયમ સંગ્રહ અને દફતરો

# મોરબી મહાનગરપાલિકા

# આરોગ્ય શાખા

દસ્તાવેજનું નામ

આ શાખાની કામગીરી માટે અલગથી કોઇ વિનિયમો,સુચનાઓ, નિયમો કે નિયમસંગ્રહ અમલમાં નથી.

- **દસ્તાવેજ પરનું ટુંકુ લખાણ**
  લાગુ પડતુ નથી.

- **વ્યકિતને નિયમો,વિનિયમો,સુચનાઓ, નિયમ સંગ્રહ અને દફતરોની નકલ અહીંથી મળશે.**
  લાગુ પડતું નથી.

## *પ્રકરણ-૫ (નિયમ સંગ્રહ-૪)*

## *નીતિ ઘડતર અથવા નીતિના અમલ સંબંધી જનતાના સભ્યો સાથે સલાહ પરામર્શ અથવા તેમના પ્રતિનિધિત્વ માટેની કોઇ વ્યવસ્થા હોય તો તેની વિગત*

## *મોરબી મહાનગરપાલિકા*

## *આરોગ્ય વિભાગ*

*નીતિ ઘડતર:--*

***૫.૧ શું નીતિઓના ઘડતર માટે જનતાની અથવા તેના પ્રતિનિધિઓની સલાહ-પરામર્શ/ સહભાગિતા મેળવવા માટેની કોઇ જોગવાઇ છે ?***

લાગુ પડતુ નથી.

***૫.૨ શું નીતીઓના અમલ માટે જનતાની અથવા તેના પ્રતિનિધિઓની સલાહ – પરામર્શ /સહભાગિતા મેળવવા માટેની કોઇ જોગવાઇ છે ?***

લાગુ પડતુ નથી.

# પ્રકરણ-૬ (નિયમ સંગ્રહ-૫)

# જાહેરતંત્ર અને તેના નિયંત્રણ હેઠળની વ્યકિતઓ

# પાસેના દસ્તાવેજોની કક્ષાઓ અંગેનું પત્રક

# મોરબી મહાનગરપાલિકા

# આરોગ્ય વિભાગ

## ૬.૧ સરકારી દસ્તાવેજો વિશેની માહિતી અથવા નીચેના નમુનાનો ઉપયોગ કરશો. જયાં આ દસ્તાવેજો ઉપલબ્ધ છે તેવી જગ્યાનો ઉલ્લેખ કરેલ છે.

| અનુ નં | દસ્તાવેજની કક્ષા | દસ્તાવેજનું નામ | દસ્તાવેજ મેળવવાની કાર્યપધ્ધતિ | નીચેની વ્યકિત પાસે છે /તેના નિયંત્રણમાં છે. |
|---|---|---|---|---|
| ૧ | | હુકમો | અરજી કરી નિયત ફી ભરીને | આરોગ્ય અધિકારીશ્રી |
| ૨ | | પરિપત્રો | ઉપર મુજબ | ઉપર મુજબ |
| 3 | | ફાઇલ | ઉપર મુજબ | ઉપર મુજબ |

આ દસ્તાવેજો નીચેના સ્થળે ઉપલબ્ધ રહેશે.

- મોરબી મહાનગરપાલિકા
  આરોગ્ય વિભાગ

ગાંધી ચોક, મોરબી

# પ્રકરણ-૭ (નિયમ સંગ્રહ-૭)

## તેના ભાગ તરીકે રચાયેલ બોર્ડ, પરિષદ, સમિતીઓ અને અન્ય

## સંસ્થાઓનું પત્રક

## મોરબી મહાનગરપાલિકા

## આરોગ્ય વિભાગ

### ૭.૧ જાહેર તંત્રને લગતા બોર્ડ, પરિષદો, સમિતિઓ અને અન્ય મંડળો અંગેની વિગત:-

લાગુ પડતુ નથી.

## પ્રકરણ-૮ (નિયમ સંગ્રહ-૭)

## સરકારી માહિતી અધિકારીઓના નામ હોદ્દો અને અન્ય વિગતો

# મોરબી મહાનગરપાલિકા

## આરોગ્ય વિભાગ

## ૮.૧ સરકારી તંત્રનું નામ – મોરબી મહાનગરપાલિકા (આરોગ્ય વિભાગ)

## જાહેર માહિતી અધિકારી ૨૦૨૪-૨૦૨૫ (તા. ૩૧/૦૧/૨૦૨૫ ની સ્થિતિએ)

| ક્રમ (૧) | નામ (૨) | હોદ્દો (3) | એસ.ટી.ડી. નંબર (૪) | ફોન નં. (૫) | ફેક્સ (૬) | ઈ-મેઈલ (૭) | સરનામું (૮) |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | શ્રી ડૉ. આર. એન. કોટડિયા | આરોગ્ય અધિકારીશ્રી | - | - | - | - | મોરબી મહાનગરપાલિકા (આરોગ્ય શાખા) |

## ૮.૨ વિભાગીય એપલેટ સત્તાધિકારી

| ક્રમ (૧) | નામ (૨) | હોદ્દો (3) | એસ.ટી.ડી. નંબર (૪) | ફોન નં. (૫) | ફેક્સ (૬) | ઈ-મેઈલ (૭) | સરનામું (૮) |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | શ્રી કુલદીપસિંહ વાળા | નાયબ કમિશનરશ્રી (મોરબી મહાનગરપાલિકા) | - | - | - | - | મોરબી મહાનગરપાલિકા |

## પ્રકરણ-૯

## નિર્ણય લેવાની પ્રક્રિયામાં અનુસરવાની કાર્યપધ્ધતિ

# મોરબી મહાનગરપાલિકા

# આરોગ્ય વિભાગ

## ૯.૧ જુદા જુદા મુદ્દાઓ અંગે નિર્ણય લેવા માટે કઇ કાર્યપધ્ધતી અનુસરવામાં આવે છે ?

ધી.બી.પી.એમ.સી. એકટની કલમ-૧૯૪૯ની જોગવાઇ અનુસરીને નિર્ણયો લેવામાં આવે છે. તેમજ સ્થાયી સમિતિ ઠરાવ અને જનરલ બોર્ડ ઠરાવ દ્વારા.

## ૯.૨ અગત્યની બાબતો માટે કોઇ ખાસ નિર્ણય લેવા માટેની દસ્તાવેજી કાર્યપધ્ધતીઓ/ઠરાવેલી કાર્યપધ્ધતીઓ/નિયત માપદંડો/ નિયમો કયા કયા છે ? નિર્ણયો લેવા માટે કયા કયા સ્તરે વિચાર કરવામાં આવે છે ?

પારા નં ૯.૧માં જણાવ્યા સિવાય અન્ય કોઇ પધ્ધતિ અસ્તિત્વમાં નથી. નિર્ણયો લેવા પ્રકરણો શાખા દ્વારા શાખા અધિકારીશ્રી મારફત કમિશનરશ્રીને મોકલવામાં આવે છે.

## ૯.3 નિર્ણય જનતા સુધી પહોંચાડવાની કઇ વ્યવસ્થા છે ?

નિર્ણયોની લેખિત જાણ સંબંધિતોને ટપાલ દ્વારા મોકલવાની વ્યવસ્થા છે. તેમજ પ્રચાર-પ્રસારના માધ્યમ દ્વારા.

## ૯.૪ નિર્ણય લેવાની પ્રક્રિયામાં જેના મંત્વયો લેવાનાર છે તે અધિકારીઓ કયા છે ?

→ નાયબ આરોગ્ય અધિકારીશ્રી

→ આરોગ્ય અધિકારીશ્રી

→ કમિશનરશ્રી

## ૯.૫ નિર્ણય લેનાર અંતિમ સતાધિકારી કોણ છે ?

## ***૯.૬ જે અગત્યની બાબતો પર જાહેર સતાધિકારી દ્વારા નિર્ણય લેવામાં આવે છે તેની માહિતી અલગ રીતે નીચેના નમુનામાં આપો.***

આ શાખાને લાગુ પડતું નથી.

# પ્રકરણ-૧૦

# અધિકારીઓ અને કર્મચારીઓની માહિતી પુસ્તિકા (ડિરેક્ટરી)

## મોરબી મહાનગરપાલિકા

## આરોગ્ય વિભાગ (૨૦૨૪-૨૦૨૫)

### ૧૦.૧ સ્ટાફની માહિતી નીચે પ્રમાણે છે:

| ક્રમ | અધિકારી/કર્મચારીનું નામ | હોદો | ફોન નં | સરનામું |
|---|---|---|---|---|
| ૧ | શ્રી ડૉ. આર. એન. કોટડિયા | ઇ.ચા. આરોગ્ય અધિકારી | - | આરોગ્ય શાખા, મોરબી મહાનગરપાલિકા |
| ૨ | શ્રી મહેશભાઇ મહેતા | ક્લાર્ક (જન્મ મરણ) | - | જન્મ મરણ વિભાગ, આરોગ્ય શાખા, મોરબી મહાનગરપાલિકા |

## *૧૦.૨ આઉટસોર્સિંગ સ્ટાફની માહિતી નીચે પ્રમાણે છે:*

## *શહેરી મેલેરિયા યોજનાનું સ્ટાફની માહિતી*

| ક્રમ | અધિકારી / કર્મચારીનું નામ | હોદો | ફોન નં | સરનામું |
|---|---|---|---|---|
| | | | | |

| જાન્યુઆરી – ૨૦૨૫ કર્મચારી સેટઅપ | | | | | |
|---|---|---|---|---|---|
| આરોગ્ય શાખા મોરબી મહાનગરપાલિકા | | | | | |
| ક્રમ | જગ્યાનું નામ | કુલ જગ્યા | ભરેલ જગ્યા | ખાલી જગ્યા | અન્ય વધુ સેટઅપ સિવાયના કર્મચારીઓ |
| ૧ | મેડીકલ ઓફીસર ઓફ હેલ્થ | | | | - |
| ૨ | નાયબ આરોગ્ય અધિકારી | | | | - |
| 3 | મેડીકલ ઓફીસર | | | | - |
| ૪ | મેડીકલ ઓફીસર (આયુર્વેદ) | | | | - |
| ૫ | મેનેજર | | | | - |
| ૬ | હેડ ક્લાર્ક | | | | - |
| ૭ | સીનીયર ફૂડ સેફ્ટી ઓફીસર | | | | - |
| ૮ | ફૂડ સેફ્ટી ઓફીસર | | | | - |
| ૯ | સેનેટરી ઈન્સ્પેક્ટર | | | | - |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૦ | સુપ્રિ. જન્મ-મરણ | | | | - |
| ૧૧ | સી. ક્લાર્ક | | | | - |
| ૧૨ | હેલ્થ વિઝિટર | | | | - |
| ૧૩ | વેક્સી. સુપરવાઈઝર | | | | - |
| ૧૪ | સેનેટરી સબ ઈન્સ્પેક્ટર | | | | - |
| ૧૫ | જુનિયર ક્લાર્ક | | | | - |
| ૧૬ | વેક્સીનેટર | | | | - |
| ૧૭ | ફીમેલ હેલ્થ વર્કર | | | | - |
| ૧૮ | ઓક્ઝીલરી નર્સ કમ મિડવાઈફ | | | | - |
| ૧૯ | જુ. ફાર્માસિસ્ટ | | | | - |
| ૨૦ | જુ. ફાર્માસિસ્ટ (આયુર્વેદ) | | | | - |
| ૨૧ | ફીલ્ડ વર્કર ફેમીલી વેલફેર | | | | - |
| ૨૨ | ડ્રાઈવર | | | | - |
| ૨૩ | ડ્રેસર | | | | - |
| ૨૪ | ડ્રેસર કમ પટ્ટાવાળા | | | | |
| ૨૫ | પટ્ટાવાળા | | | | |
| ૨૬ | આયા | | | | |
| ૨૭ | પાણી અને સફાઈ બહેન | | | | |
| ૨૮ | મજુર | | | | |
| ૨૯ | કોમ્પ્યુટર ઓપરેટર | | | | |
| ૩૦ | જુનિયર ડેટા એન્ટ્રી ઓપરેટર | | | | |
| | કુલ | | | | |

# મેલેરીયા શાખા નું સ્ટાફ સેટઅપ- ૨૦૨૪

| ક્રમ | હોદ્દો | મંજુર થયેલ કુલ જગ્યા | ભરેલી જગ્યા | ખાલી જગ્યા | પગાર ધોરણ (ગ્રેડ પે) સાતમાં પગાર પંચ મુજબ |
|---|---|---|---|---|---|
| ૧ | બાયોલોજીસ્ટ | | | | |
| ૨ | મેલેરીયા ઇન્સપેક્ટર | | | | |
| ૩ | સુપિરિયર ફિલ્ડવર્કર કમ ઇન્સેક્ટ કલેકટર | | | | |
| ૪ | ફિલ્ડવર્કર | | | | |
| ૫ | ડ્રાઇવર | | | | |
| ૬ | સિ. કલાર્ક | | | | |
| ૭ | લેબર | | | | |

# પ્રકરણ-૧૧(નિયમ સંગ્રહ-૧૦)

## વિનિયમોમાં જોગવાઇ કર્યા મુજબ મહેનતાણાની પધ્ધતિ સહિત દરેક અધિકારી અને કર્મચારીને મળતું માસિક મહેનતાણાની વિગત

## મોરબી મહાનગરપાલિકા

## ૧૧.૧ આરોગ્ય વિભાગ

| ક્રમ | અધિકારી/કર્મચારીનું નામ | હોદો | માસિક મહેનતાણું | વળતર ભથ્થું | વિનિયમમાં જણાવ્યા મુજબ મહેનતાણું |
|---|---|---|---|---|---|

## ૧૧.૨ શહેરી મેલેરિયા યોજના

| ક્રમ | અધિકારી/કર્મચારીનું નામ | હોદો | માસિક મહેનતાણું | વળતર ભથ્થું | વિનિયમમાં જણાવ્યા મુજબ મહેનતાણું |
|---|---|---|---|---|---|

# પ્રકરણ - ૧૨ (નિયમ સંગ્રહ-૧૧)

# *પ્રત્યેક સંસ્થાને ફાળવેલ અંદાજપત્ર ૨૦૨૧-૨૨*

# *મોરબી મહાનગરપાલિકા*

# *આરોગ્ય વિભાગ*

## *૧૨.૧ જુદી જુદી યોજનાઓ અન્વયે જુદી જુદી પ્રવૃતિઓ માટે અંદાજપત્રની વિગતોની માહિતી નીચેના નમૂનામાં દર્શાવેલ છે:*

૨૦૨૫

*હાલ બજેટની બનાવવાની પ્રક્રિયા ચાલુ છે.*

## *૧૨.૨ શહેરી મેલેરિયા યોજના અન્વયે વાહકજન્ય રોગ નિયંત્રણ માટે અંદાજપત્રની જોગવાઈ*

| ક્રમ | યોજનાનું નામ/સદર | પ્રવૃત્તિ | પ્રવૃત્તિ શરૂ કર્યા તારીખ | પ્રવૃત્તિના અંતની અંદાજીત તારીખ | મંજુર થયેલ રકમ (રૂ.લાખમાં) |
|---|---|---|---|---|---|
| હાલ બજેટ બનાવવાની પ્રક્રિયા ચાલુ છે. | | | | | |

# *પ્રકરણ - ૧૩*

# *સહાયકી કાર્યક્રમોનો અમલ અંગેની પદ્ધતિ*

# મોરબી મહાનગરપાલિકા

# આરોગ્ય વિભાગ

## ૧૩.૧ કાર્યક્રમનું નામ:-

૧) એનીમિયા નિયંત્રણ કાર્યક્રમ
૨) ખાસ શાળા આરોગ્ય તપાસણી યોજના(RBSK)
3) જનની સુરક્ષા યોજના
૪) ચિરંજીવી યોજના
૫) બાળ સખા યોજના
૬) આઈ.ડી.એસ.પી. સર્વેલન્સ પ્રોગ્રામ
૭) મમતા દિવસ
૮) પલ્સ પોલિયો કાર્યક્રમ અને રસીકરણ સેવાઓ
૯) કસ્તુરબા પોષણ સહાય યોજના
૧૦) મુખ્ય મંત્રી અમૃતમ યોજના
૧૧) આયુષ્યમાન ભારત યોજના
૧૨) દીકરી સહાય યોજના

## ૧. એનીમિયા નિયંત્રણ કાર્યક્રમ

**હેતુ** હાઇસ્કુલમાં અભ્યાસ કરતી ૧૦ થી ૧૯ વર્ષની કિશોરીઓની લોહતત્વ વધારવા માટે દર અઠવાડિયે વર્ગશિક્ષકની દેખરેખ હેઠળ લોહતત્વની એક ગોળી આપવામાં આવે છે. આ કાર્યક્રમમાં સમસ્યા અંગે આરોગ્ય અધિકારી મહાનગરપાલિકા ને સંપર્ક કરીએ.

## ૨.શાળા આરોગ્ય તપાસણી (રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાયર્કમ)

## સમયગાળો:- એપ્રિલ ૨૦૧૪ થી શરૂ

**ઉદેશ:-** રાજ્યના નવજાત શિશુથી ૬ વર્ષનાં તમામ બાળકોને અને ધોરણ ૧ થી ૧૨ માં અભ્યાસ કરતા ૧૮ વર્ષ સુધીના બાળકોની તબીબી તપાસ અને સારવાર.

**ભૌતિક લક્ષ્યાંકો :-** નવજાત શિશુ, ૬ અઠવાડિયાના બાળકો શાળાએ ન જતા તેમજ ચિલ્ડ્રન

કોમ/અનાથાશ્રમનાં બાળકોની તબીબી તપાસ અને સારવાર.

***લાભ અંગેની પૂર્વ જરૂરિયાતો :***-૦ થી ૧૮ વર્ષનાં બાળકો.

***લાભ લેવાની પદ્ધતિ :***-ડેડીકેટેડ મોબાઈલ હેલ્થ ટીમ (RBSK) MO, ફાર્માસીસ્ટ કમ ડેટા આસીસ્ટન્ટ, FHW,દ્વારા તબીબી તપાસ અને સારવાર.

***કાર્યક્રમમાં આપેલ લાભની વિગતો:-*** "4D" એટલેકે (જન્મજાત ખોડ), રોગ, ઉણપ, અને વિકલાંગતા સહીત મોડો વિકાસ વગેરેની વિના મુલ્ય સારવાર.

***પ્રક્રિયાને લગત સમસ્યા અંગે ક્યાં સંપર્ક કરવો:-***મેડિકલ ઓફીસરશ્રી,અર્બન હેલ્થ સેન્ટર, મોરબી મહાનગરપાલિકા.

## ૩. જનની સુરક્ષા યોજના (એપ્રિલ-૨૦૦૬ થી અમલમાં)

- ✓ સગર્ભા બહેનોને પોષણક્ષમ આહાર મળી રહે તે હેતુથી આ સહાય રૂ. ૬૦૦/- લેખે પ્રસુતિના ૮ થી ૧૨ અઠવાડિયામાં પહેલા એકાઉન્ટ પે ચેક દ્વારા ચુકવાય છે.
- ✓ આ યોજનાનો લાભ મોરબી મહાનગરપાલિકાનું બી.પી.એલ.કાર્ડ ધરાવતા/અનુસુચિત જાતિ/અનુસુચિત જનજાતિનું કાર્ડ ધરાવતા કુટુંબની સગર્ભા માતાઓને મળવા પાત્ર છે. તે માટે લાભાર્થીની ઉંમર, પ્રસુતિની સંખ્યા કે સ્થળને ધ્યાને લેવામાં આવતું નથી.
- ✓ આ યોજનાનો લાભ લેવા માટે જે તે વોર્ડના અર્બન હેલ્થ સેન્ટર / સ્ત્રી આરોગ્ય કાર્યકર / આરોગ્ય સ્વયં સેવીકાનો સંપર્ક સાધીને, સગર્ભા અવસ્થા દરમ્યાન આ યોજનાનું ફોર્મ ભરીને મેળવી શકાશે.

***પ્રક્રિયાને લગત સમસ્યા અંગે ક્યાં સંપર્ક કરવો:-*** મેડિકલ ઓફીસરશ્રી,અર્બન હેલ્થ સેન્ટર, મોરબી મહાનગરપાલિકા.

## ૪. ચિરંજીવી યોજના (મે-૨૦૦૬ થી અમલમાં)

- ✓ આ યોજના અંતર્ગત મોરબી મહાનગરપાલિકાનું બી.પી.એલ.કાર્ડ ધરાવતા તથા આવકવેરો ન ભરતા હોય તેવા અનુસુચિત જનજાતિ કુટુંબની સગર્ભા માતાઓને ચિરંજીવી યોજના માન્ય કરેલ હોસ્પિટલોમાં વિના મુલ્યે ડીલીવરી કરી આપવામાં આવે છે.
- ✓ સગર્ભાવસ્થા દરમ્યાન ઓછામાં ઓછુ એક વખત જે તે હોસ્પિટલમાં ચેક કરાવવું જરૂરી છે.

- ✓ સગર્ભા બહેનોને એક વખત પૂર્વ પ્રસુતિ તપાસ, લેબોરેટરી, નિદાન, દવા લોહી, પ્રસુતિ તથા જરૂરી ઓપેરેશન જેવી સેવાઓ વિના મુલ્યે જે તે હોસ્પિટલ દ્વારા પૂરી પાડવામાં આવે છે.
- ✓ આ યોજનાનો લાભ લેવા માટે જે તે વોર્ડના અર્બન હેલ્થ સેન્ટર / સ્ત્રી આરોગ્ય કાર્યકર / આરોગ્ય સ્વયં સેવીકાનો સંપર્ક સાધીને, સગર્ભાવસ્થા દરમ્યાન આ યોજનાનું ફોર્મ ભરીને મેળવી શકાશે.

***<u>પ્રક્રિયાને લગત સમસ્યા અંગે ક્યાં સંપર્ક કરવો:-</u>*** મેડિકલ ઓફીસરશ્રી,અર્બન હેલ્થ સેન્ટર, મોરબી મહાનગરપાલિકા.

## <u>૫.બાલસખા યોજના (જુલાઈ-૨૦૦૮ થી અમલમાં)</u>

- ✓ ચિરંજીવી યોજના અંતર્ગત ડીલીવરી કરાવેલ પ્રસુતાના નવજાત શિશુની ૪૮ કલાકમાં બે વખત તપાસ તથા વાર્ષિક બે લાખથી ઓછી આવક ધરાવતા કુટુંબના બાળકોનો સરકારી આરોગ્ય સંસ્થા, ગ્રાન્ટ ઇન એઇડ સંસ્થામાં જન્મ થયેલ રીફર કરેલ બાળકોને બાલસખા યોજના માન્ય કરેલ બાળ રોગ નિષ્ણાંત દ્વારા કરી આપવામાં આવે છે.
- ✓ આ તપાસ દરમ્યાન બી.સી.જી., પોલિયો બર્થ ડોઝ, વિટામીન કે ઇન્જેક્શન તથા ત્વરિત સ્તનપાન વિષે જાણકારી જેવી સેવાઓ આપવામાં આવે છે.
- ✓ બાળકને કોઈ તકલીફ હોય તો જરૂરી નિદાન, લેબોરેટરી, દવા જેવી તમામ સારવાર વિના મુલ્યે પૂરી પાડવામાં આવે છે. આ સેવાઓ ૨૮ દિવસ સુધી પૂરી પાડવામાં આવે છે. જરૂર પડ્યેથી બાળકને દાખલ કરીને પણ વિના મુલ્યે સારવાર આપવામાં આવે છે.
- ✓ આ યોજનામાં બાળકની તપાસ, નિદાન, એક્ષ-રે, લેબોરેટરી, દવા, ટ્રાન્સપોર્ટેશન તેમજ જરૂર પડ્યે એડમીટ પણ વિના મુલ્યે જે તે ડોક્ટર દ્વારા આપવામાં આવશે.

- ✓ આ યોજનાનો લાભ લેવા માટે જે તે વોર્ડના અર્બન હેલ્થ સેન્ટર / સ્ત્રી આરોગ્ય કાર્યકર / આરોગ્ય સ્વયં સેવીકાનો સંપર્ક સાધીને, સગર્ભાવસ્થા દરમ્યાન ચિરંજીવી યોજના સાથે આ યોજનાનું ફોર્મ ભરીને મેળવી શકાશે.

***<u>પ્રક્રિયાને લગત સમસ્યા અંગે ક્યાં સંપર્ક કરવો:-</u>*** મેડિકલ ઓફીસરશ્રી,અર્બન હેલ્થ સેન્ટર, મોરબી મહાનગરપાલિકા.

## *૬. I.D.S.P. સર્વેલન્સ પ્રોગ્રામ (દર અઠવાડિયે)*

***હેતુ :-*** - હેલ્થ મેનેજમેન્ટ સિસ્ટમને સધન બનાવવા.
- દર અઠવાડિયે મોરબીના દરેક વિસ્તારના રોગચાળા ની માહિતી નક્કી કરેલ દવાખાના માંથી મેળવવી.
- માહિતી એકઠી કરી જરૂર જણાય ત્યાં રોગચાળાના અટકાયતી પગલા લેવા.
- આ પ્રોગ્રામમાં ઝાડા-ઉલટી, કોલેરા, કમળો, ટાઈફોઈડ, પોલીયો, ડેપ્થેરીયા, ધનુર, ઓરી, મોટી-ઉધરસ, મેલેરીયા, શ્વાસનારોગ, ડેન્ગ્યુ, મગજનોતાવ, પ્લેગ, એઈડ્સ ની માહિતી એકઠી કરવામાં આવે છે.

## *૭. મમતા દિવસ :-*

૧. રસીકરણ ૦-૧ વર્ષ પ્રાયમરી વેક્સીનેશન
૨. ૧ વર્ષથી ૧૬ વર્ષ સેકન્ડરી વેક્સીનેશન
૩. સગર્ભાવસ્થા (નવી સગર્ભા બહેનો ની નોંધણી અને તેઓને સગર્ભાવસ્થા દરમ્યાન આપવાની થતી તથા પ્રસુતિ બસ ૪૨ દિવસ સુધી માતા અને બાળકની સાર સંભાળ (માતૃ બાળ કલ્યાણ કાર્યક્રમ)

**સમય ગાળો :- અઠવાડીક (આંગણવાડી કેન્દ્રો પર)**

**ઉદેશ :-** ૧) રસીકરણ નાં અભાવે બાળકોમાં થતા રોગોથી બચાવવા બાળકોને રસીકરણ કરવું.
૨) બાળ મૃત્યુ પ્રમાણ ઘટાડવા
૩) સગર્ભા બહેનોની સંભાળ દ્વારા જેટલી માતા સગર્ભા બંને તંદુરસ્ત

**- લાભાર્થોની પાત્રતા :-** જન્મ થી ૧૬ વર્ષ સુધીના સ્ત્રી-પુરુષ બાળકો અને સગર્ભા માતાઓ
**- લાભ અંગેની પૂર્વ જરૂરિયાતો :-** નીલ
**- લાભ લેવાની પદ્ધતિ :-** " મમતા દિવસ" સેશન સ્થળ પર મુલાકાતે લેવી

**- પાત્રતા નક્કી કરવાના માપદંડો :-** દવાખાનામાંથી નક્કી કરેલ રોગચાળાની માહિતી મેળવવી.

**- કાર્યક્રમમાં આપેલ લાભની વિગતો :-**ઝાડા-ઉલટી, કોલેરા, કમળો, ટાઈફોઈડ, પોલીયો, ડેપ્થેરીયા, ધનુર, ઓરી, મોટી-ઉધરસ, મેલેરીયા, શ્વાસનારોગ, ડેન્ગ્યુ, મગજનોતાવ, પ્લેગ, એઈડ્સ ધનુર, ઓરી, મોટી-ઉધરસ, મેલેરીયા, શ્વાસનારોગ, ડેન્ગ્યુ, મગજનોતાવ,પ્લેગ, એઈડ્સ

**- સહાય વિતરણની કાર્ય પદ્ધતિ :-** નીલ

**-પ્રક્રિયાને લગત સમસ્યા અંગે ક્યાં સંપર્ક કરવો?**મેડિકલ ઓફીસરશ્રી,અર્બન હેલ્થ સેન્ટર, મોરબી મહાનગરપાલિકા.

| ક્રમ નં. | લાભાર્થીની સંખ્યા | સહાય ની રકમ | માતા-પિતા વાલી | પસંદગીના માપદંડ | સરનામું |
|---|---|---|---|---|---|
| ૧ | શહેરીજનો | નીલ | તમામ | રોગ ગ્રસ્ત દર્દીઓ | મોરબી શહેર |

## ૮. પલ્સ પોલિયો કાર્યક્રમ અને રસીકરણ સેવાઓ :-

૧. રસીકરણ ૦-૧ વર્ષ પ્રાયમરી વેક્સીનેશન

૨. ૧ વર્ષથી ૧૬ વર્ષ સેકન્ડરી વેક્સીનેશન

૩. સગર્ભાવસ્થા (નવી સગર્ભા બહેનો ની નોંધણી અને તેઓને સગર્ભાવસ્થા દરમ્યાન આપવાની થતી તથા પ્રસુતિ બસ ૪૨ દિવસ સુધી માતા અને બાળકની સર સંભાળ (માતૃ બાળ કલ્યાણ કાર્યક્રમ)

**સમય ગાળો :- અઠવાડીક (આંગણવાડી કેન્દ્રો પર)**

**ઉદેશ :-** ૧) રસીકરણ નાં અભાવે બાળકોમાં થતા રોગોથી બચાવવા બાળકોને રસીકરણ કરવું.
૨) બાળ મૃત્યુ પ્રમાણ ઘટાડવા
૩) સગર્ભા બહેનો તંદુરસ્ત બને તે માટે વિશેષ સંભાળ રાખવી.

**પ્રક્રિયાને લગત સમસ્યા અંગે ક્યાં સંપર્ક કરવો? :-**મેડિકલ ઓફીસરશ્રી,અર્બન હેલ્થ સેન્ટર, મોરબી મહાનગરપાલિકા.

| ક્રમ નં. | લાભાર્થીનું નામ | સહાય ની રકમ | માતા-પિતા વાલી | પસંદગીના માપદંડ | સરનામું |
|---|---|---|---|---|---|
| ૧ | ૦ થી ૧૬ વર્ષ સુધીના તમામ બાળકો સગર્ભા માતાઓ | નીલ | લક્ષિત બાળકોના માતા-પિતા વાળી તમામ તથા સગાઓ | ૦ થી ૧૬ વર્ષ સુધીના તમામ બાળકો સગર્ભા માતાઓ | મોરબી શહેર |

## *૯. કસ્તુરબા પોષણ સહાય યોજના(ફેબ્રુઆરી-૨૦૧૨ થી અમલમાં)*

- ✓ આ યોજના અંતર્ગત બી.પી.એલ.કુટુંબની સગર્ભા માતાઓને જુદા જુદા ૩ તબ્બકામાં શરતી નાણાકીય સહાય ચુકવવામાં આવે છે.
  - સગર્ભાવસ્થા દરમ્યાન પ્રથમ ૩ મહિનાની અંદર નોંધણી કરાવ્યેથી :- રૂ.૨૦૦૦/-
  - સરકારી અથવા ચિરંજીવી હોસ્પિટલમાં સંસ્થાકીય પ્રસુતિ કરાવ્યેથી :- રૂ.૨૦૦૦/-
  - બાળકને જન્મ બાદ નવ મહિના પછી અને ૧૨ મહિના પહેલા સંપૂર્ણ રસીકરણ કરાવ્યેથી :- રૂ.૨૦૦૦/-
- ✓ આ યોજના અંતર્ગત નાણાકીય રકમ સીધી લાભાર્થીના બેંક ખાતા અથવા પોસ્ટ ખાતામાં નક્કી થયેલ સમયાંતરે શરતોને આધીન રહીને જમા થાય છે.
- ✓ આ યોજનામાં કોઈ પણ તબ્બકે લાભ લઇ શકાય છે.
- ✓ આ યોજનાનો લાભ લેવા માટે જે તે વોર્ડના અર્બન હેલ્થ સેન્ટર / સ્ત્રી આરોગ્ય કાર્યકર / આરોગ્ય સ્વયં સેવીકાનો સંપર્ક સાધીને, સગર્ભા અવસ્થા દરમ્યાન આ યોજનાનું ફોર્મ ભરીને મેળવી શકાશે.

***પ્રક્રિયાને લગત સમસ્યા અંગે ક્યાં સંપર્ક કરવો:-*** મેડિકલ ઓફીસરશ્રી,અર્બન હેલ્થ સેન્ટર, મોરબી મહાનગરપાલિકા.

## *૧૦. મુખ્યમંત્રી અમૃતમ યોજના (નવેમ્બર-૨૦૧૩ થી અમલમાં)*

- ✓ આ યોજના અંતર્ગત ગંભીર રીતે દાઝી ગયેલા, હૃદયનારોગો, કીડનીનારોગો, મગજનારોગો, ગંભીર ઇજાઓ, ગંભીર પ્રકારના રોગો, નવજાત શિશુઓના રોગો તથા કેન્સર વગેરે રોગોને આવરી લેવામાં આવે છે.
- ✓ આ યોજના હેઠળ ગરીબી રેખા હેઠળના તથા ચાર લાખથી ઓછી આવક ધરાવતા કુટુંબના તમામ સભ્યોને વાર્ષિક રૂ. પાંચ લાખની મર્યાદામાં વિના મૂલ્યે સારવાર માટે આવરી લેવામાં આવે છે.
- ✓ આ યોજના હેઠળ તમામ સરકારી સંસ્થાઓ તેમજ સરકારશ્રી દ્વારા નક્કી થયેલ ટ્રસ્ટ હોસ્પિટલો તથા ખાનગી હોસ્પિટલોમાં સારવાર મળવાપાત્ર છે.
- ✓ આ યોજના અંતર્ગત લાભાર્થીને રૂ. ૫,૦૦,૦૦૦/- પૈકી પ્રતિ વિઝીટ દીઠ રૂ. ૩૦૦/-, વાર્ષિક રૂ. ૩૦૦૦/- ની ટોચ મર્યાદામાં વાહન ભથ્થું ચુકવવામાં આવે છે.
- ✓ આ યોજના હેઠળ સીનીયર સિટીઝન માટે આવક મર્યાદા છ લાખ સુધીની રાખવામાં આવેલ છે અને તેઓને વિનામૂલ્યે સારવાર માટે આવરી લેવામાં આવેલ છે.
- ✓ આ કાર્ડ ધરાવતા બી.પી.એલ. કુટુંબ સિવાયના કાર્ડ ધારકે દર ત્રણ વર્ષે રીન્યુ કરાવવાનું રહે છે.

## ૧૧. આયુષ્યમાન ભારત યોજના (૨૦૧૯થી અમલમાં)

- ✓ આ યોજના હેઠળ સને ૨૦૧૧નાં સોસિયલ ઈકોનોમિક સેન્સસ સર્વેક્ષણ (SECC)માં જે લોકોનો સમાવેશ કરવામાં આવેલ છે તેવા લોકોને આ યોજનાનો લાભ મળવાપાત્ર છે.
- ✓ આ યોજના અંતર્ગત ગંભીર રીતે દાઝી ગયેલા, હૃદયનારોગો, કીડનીનારોગો, મગજનારોગો, ગંભીર ઇજાઓ, ગંભીર પ્રકારના રોગો, નવજાત શિશુઓના રોગો તથા કેન્સર વગેરે રોગોને આવરી લેવામાં આવે છે.
- ✓ આ યોજના હેઠળ પાત્રતા ધરાવતા કુટુંબના તમામ સભ્યોને વાર્ષિક રૂ. પાંચ લાખની મર્યાદામાં વિના મૂલ્યે સારવાર માટે આવરી લેવામાં આવે છે.
- ✓ આ યોજના હેઠળ ભારતભરમાં તમામ સરકારી સંસ્થાઓ તેમજ સરકારશ્રી દ્વારા નક્કી થયેલ ટ્રસ્ટ હોસ્પિટલો તથા ખાનગી હોસ્પિટલોમાં કુટુંબદીઠ વાર્ષિક રૂપિયા પાંચ લાખની કેશલેસ સારવાર મળે છે.
- ✓ આ યોજના અંતર્ગત લાભાર્થીને રૂ. ૫,00,000/- પૈકી પ્રતિ વિઝીટ દીઠ રૂ. ૩00/-, વાર્ષિક રૂ. ૩000/- ની ટોચ મર્યાદામાં વાહન ભથ્થું ચુકવવામાં આવે છે.
- ✓ કેન્દ્ર સરકારની આ યોજનામાં આપવામાં આવેલ આયુષ્યમાન ભારત કાર્ડ ક્યારેય રીન્યુ કરાવવાનું રહેતું નથી.

## ૧૨. દીકરી સહાય યોજના :-

(૧) આ યોજના ગુજરાત સરકારશ્રીની ગ્રાન્ટ આધારિત છે.

(૨) આ યોજનામાં સંતાનોમાં માત્ર ૧ (એક) દીકરી જ ધરાવનાર દંપતિ પૈકી કોઈપણ એક કુટુંબ નિયોજન માટે નસબંધીનું ઑપરેશન કરાવે તો દીકરીના માતાના નામે મોરબી મહાનગરપાલિકા દ્વારા રૂપિયા ૬000/- (અંકે રૂપિયા છ હજાર) પુરાના પાંચ વર્ષિય પૉસ્ટલ રાષ્ટ્રીય બચતપત્ર આપવામાં આવે છે.

(૩) જો આ યોજનાના લાભાન્વિત દંપતિ જો સંતાનોમાં માત્ર બે જ બાળકીઓ ધરાવતા હોય અને તેઓ કુટુંબ નિયોજનનું ઑપરેશન કરાવે તો તેઓને રૂપિયા ૫000/- (અંકે રૂપિયા પાંચ હજાર) પુરાના પાંચ વર્ષિય પૉસ્ટલ રાષ્ટ્રીય બચતપત્રો આપવામાં આવે છે.

## ભારતમાં ટીબી /ક્ષય રોગનું-માણ:-

- વિશ્વના ચોથા ભાગ ના દર્દીઓ ભારત દેશમાં છે

- ભારતનની ૪૦ ટકા વસ્તી ક્ષયના માઇક્રોબેક્ટેરીયમ ટ્યૂબરક્યુલોસીસ નામના જંતુના ચેપથી પીડીત છે
- ભારતમાં ૧ લાખની વસ્તીએ ૧૮૮ નવા વ્યક્તિને ટીબી થાય છે (ગ્લોબલ ટીબી રિપોર્ટ ૨૦૨૧)
- ભારતમાં એક લાખની વસ્તીએ એક વર્ષમાં ૩૭ ટીબીના દર્દીનું મૃત્યુ થાય છે.(ગ્લોબલ ટીબી રિપોર્ટ ૨૦૨૧)
- ટીબી /ક્ષય રોગ ખાસ કરીને પુખ્તવયની વ્યક્તિમાં થાય છે

રાષ્ટ્રીય ક્ષય નિર્મૂલન કાર્યક્રમ :-

આપણા દેશમાં ૧૯૬૨માં રાષ્ટ્રીય ક્ષય રોગ કાર્યક્રમનો અમલ કરવામાં આવ્યો હતો .ત્યારે જિલ્લા ક્ષય કેન્દ્ર(ડીટીસી),ક્ષય સારવાર કેન્દ્રો અને ક્ષય હોસ્પિટલોની સ્થાપના કરવામાં આવી હતી આ કાર્યક્રમ તેના આરંભ થી સમાંતર આરોગ્ય સેવા સાથે સંકલિત કરવામાં આવ્યો હતો અને તેને લગતી સેવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના માળખા દ્વારા આપવામાં આવતી હતી રાષ્ટ્રીય ક્ષય રોગના કાર્યક્રમના પરિણામોઉત્સાહ જનક ન હતા .પરીણામે ૧૯૯૨ના વર્ષમાં રાષ્ટ્રીય ક્ષય રોગ કાર્યક્રમના વ્યુહની સમીક્ષા કરવામાં આવી જેના પરીણામે વર્ષ ૧૯૯૭ માં સુધારેલ રાષ્ટ્રીય ક્ષયરોગ નિયત્રણ કાર્યક્રમ (આર.એન.ટી.સી.પી.) અમલમાં આવ્યો જેમાં ૨૦૦૫ સુધીમાં સમગ્ર દેશને તબક્કાવાર આવરી લેવાનું નક્કી કરવામાં આવ્યું.

રાષ્ટ્રીય ક્ષય નિર્મૂલન કાર્યક્રમ નો આધાર રાષ્ટ્રીય સ્તરે સ્વિકૃત કરેલ એક પદ્ધતી છે જે ડોક્ટર તરીકે ઓળખાય છે ડાયરેક્ટલી ઓબ્ઝવર્ડ ટ્રીટમેન્ટ શોર્ટ કોર્ષ.( સીધા નિયંત્રણ હેઠળની ટુકા ગાળાની સારવાર)

રાષ્ટ્રીય ક્ષય નિર્મૂલન કાર્યક્રમ નું લક્ષ્ય :

(૧) વર્ષ ૨૦૨૫ સુધીમાં ક્ષય થી થતાં મૃત્યુમાં ૯૦ ટકાનો ઘટાડો કરવો

(૨) વર્ષ ૨૦૨૫ સુધીમાં ક્ષયના દર્દીઓની સંખ્યામાં ૮૦ ટકાનો ઘટાડો કરવો

(૩) ક્ષયથી પીડીત પરીવારોને ક્ષયના કારણે થતો આર્થિક બોજ “ઝીરો” કરવો

## ***૧૩.૨ આરોગ્ય શાખા તથા RCH વિભાગ દ્વારા ચલાવાતી યોજનાઓ:-***

| આરોગ્ય શાખા | | |
|---|---|---|
| **ક્રમ** | **યોજનાનું નામ** | |
| ૦૧. | CMTC | ચાઈલ્ડ માલન્યુટ્રીશન ટ્રીટમેન્ટ સેન્ટર |
| ૦૨. | PCPNDT | પ્રી- કોન્સેપ્શન ઍન્ડ પ્રી-નૅટલ ડાઈગ્નોસ્ટીક ટેકનીક્સ ઍક્ટ -૧૯૯૪ |
| ૦૩. | IDSP | ઈન્ટીગ્રેટેડ ડિસીઝ સર્વૅલન્સ પ્રોગ્રામ |

| | | |
|---|---|---|
| ૦૪. | MA YOJNA | મુખ્યમંત્રી અમૃતમ્ યોજના અને મા વાત્સલ્ય યોજના |
| ૦૫. | BNHR ACT | બોમ્બે નર્સિંગ હોમ રજીસ્ટ્રેશન એક્ટ – ૧૯૪૯<br>(હોસ્પિ./નર્સિંગ હોમ રજી. સર્ટીફીકેટ ના.આરોગ્ય અધિકારી ઈસ્ટ ઝોન દ્વારા ઈશ્યુ) |
| ૦૬. | NQRP(NQAS) | નેશનલ ક્વોલિફાઈડ રીપ્રેઝેન્ટેટીવ પ્રોગ્રામ<br>(નેશનલ ક્વોલિટી એશ્યોરન્સ સ્ટાન્ડર્ડ) |
| ૦૭. | ICDS | ઈન્ટીગ્રેટેડ ચાઈલ્ડ ડેવલપમેન્ટ સર્વિસિઝ(ICDS શાખા હસ્તક) |
| ૦૮. | NVBDCP | નેશનલ વેક્ટર બોર્ન ડિસિઝ કન્ટ્રોલ પ્રોગ્રામ(મેલેરિયા વિભાગ હસ્તક) |
| **RCH (રિપ્રોડક્ટીવ એન્ડ ચાઈલ્ડ હેલ્થ)** | | |
| ૦૧. | NUHM | નેશનલ અર્બન હેલ્થ મિશન (૫ આરોગ્ય કેન્દ્ર પર) |
| ૦૨. | RBSK | રાષ્ટ્રીય બાલ સ્વાસ્થ્ય કાર્યક્રમ (શાળા આરોગ્ય તપાસણી) |
| ૦૩. | U-CHC<br>U-PHC | અર્બન – કોમ્યુનિટી હેલ્થ સેન્ટર મોરબી મહાનગરપાલિકા<br>અર્બન – પ્રાઈમરી હેલ્થ સેન્ટર મોરબી મહાનગરપાલિકા } ૫ કુલ |

## *સહાયકી કાર્યક્રમોના અમલ અંગેની પદ્ધતિ :-*

## *૧૩.૩ નીચેના નમૂના મુજબ માહિતી આપો.*

યોજનાનું નામ :-શહેરી મેલેરિયા યોજના

યોજનાનો સમયગાળો :--

કાર્યક્રમનો ઉદેશ :-મચ્છર જન્ય વાહકરોગોનું નિયંત્રણ

કાર્યક્રમના ભૌતિક તથા નાણાકીય લક્ષયાંકો (છેલ્લા વર્ષ માટે) :-નીલ

લાભાર્થીની પાત્રતા :-નીલ

લાભ અંગેની પૂર્વ જરૂરિયાત :-નીલ

કાર્યક્રમમાં લાભ લેવાની પદ્ધતિ :-કોઈપણ મેલેરિયાનો દર્દી

પાત્રતા નક્કી કરવા અંગેના માપદંડો :- નીલ

કાર્યક્રમમાં આપેલ લાભની વિગતો :- નીલ

સહાયકી વિતરણ અંગેની કાર્યપદ્ધતિ :-નીલ

અરજી ક્યાં કરવી ? અરજી કરવા માટે કચેરીમાં કોનો સંપર્ક કરવો ? :-બાયોલોજીસ્ટ

અરજી ફી :- નીલ

અન્ય ફી :- નીલ

અરજી પત્રકનો નમુનો :-નીલ

બીડાણોની યાદી :-નીલ

બીડાણોનો નમૂનો :-નીલ

પ્રક્રિયાને લગત સમસ્યા અંગે ક્યાં સંપર્ક કરવો? :- બાયોલોજીસ્ટ

ઉપલબ્ધ નિધિની વિગતો:- નીલ

નીચેના નમૂનામાં લાભાર્થીઓની યાદી :-

## *લાભાર્થીની પાત્રતા:-*

| રસી | ઉમર |
| --- | --- |
| બી.સી.જી | જન્મથી ૧ વર્ષ |
| પોલીયો-૧/પેન્ટા-૧/આઈપીવી-૧/રોટા-૧ | ૬ અઠવાડિયે |
| પોલીયો-૨/પેન્ટા-૨/રોટા-૨ | ૧૦ અઠવાડિયે |
| પોલીયો-૩/પેન્ટા-૩/ આઈપીવી-૩/રોટા-૩ | ૧૪ અઠવાડિયે |
| ઓરી/રૂબેલા પ્રથમ ડોઝ | ૯ માસ |
| ડી.પી.ટી./પોલીયો બુસ્ટર/ઓરી/રૂબેલા-૨ ડોઝ | ૧૫ થી ૧૮ માસ દરમ્યાન |
| ડી.પી.ટી.-૫ | ૫ વર્ષ |
| ટી.ટી. | ૧૦ વર્ષ અને ૧૬ વર્ષ |
| ટી.ટી. (સગર્ભા) ૧-૨ | સગર્ભાવસ્થા દરમ્યાન |
| પોલીયો | જન્મથી ૧૪ દિવસમાં |
| હિપેટાઈટીસ – ૦(ઝિરો) (બર્થ ડોઝ) | જન્મથી ૨૪ કલાકમાં |

**- લાભ અંગેની પૂર્વ જરૂરિયાતો :-**ધારાધોરણ મુજબ

**- કાર્યક્રમનો લાભ લેવાની પદ્ધતિ :-**ઉમર મુજબ ઉપરોક્ત શેડ્યુઅલના વેક્સીન ડિસ્પેન્સરી તથા કુટુંબ કલ્યાણકેન્દ્રમાં વિના મુલ્યે ઉપલબ્ધ છે.

**- પાત્રતા નક્કી કરવા અંગેના માપદંડો :-**જન્મથી ૧૬ વર્ષ સુધીના સ્ત્રી-પુરુષ બાળકો તથા સગર્ભા માતા

**- કાર્યક્રમમાં આપેલ લાભની વિગત :-**

(૧) સંપૂર્ણ રસીકરણ દ્વારા બાળકોમાં થતા વેક્સીન પ્રિવેનટેબલ રોગનું પ્રમાણ ઘટાડી બાળ મૃત્યુ દર ઘટાડવો.

(૨) સગર્ભા સંભાળ દ્વારા માતા મૃત્યુ દર ઘટાડવો.

**સહાયકી રકમ :- નીલ**

## - સહાયકી વિતરણ કાર્ય પદ્ધતિ :-

શેડયુઅલ મુજબના વેક્સીન રાજ્ય સરકારશ્રી દ્વારા કોર્પોરેશન (આરોગ્યશાખા)માં સ્ટોક થયા છે. જ્યાંથી જરૂરિયાત મુજબ મોરબી શહેરની ડિસ્પેન્સરી, કુટુંબ કલ્યાણ કેન્દ્ર, સરકારી દવાખાના તથા પ્રાઇવેટ દવાખાના વેક્સીન પોતાના સેન્ટરમાં જરૂરિયાત મુજબ લઇ જાય છે.

**- અરજી ક્યાં કરવી ? અરજી કરવા માટે કચેરીમાં કોનો સંપર્ક કરવો ?** :- આરોગ્ય અધિકારી, આરોગ્ય શાખા, મોરબી મહાનગર પાલિકા

- **અરજી ફી** :-નીલ

## *પ્રકરણ-૧૪ (નિયમ સંગ્રહ-૧૩)*

## *તેણે આપેલ રાહતો, પરમિટ કે અધિકૃતિ મેળવનારની વિગતો*

## *કાર્યક્રમનું નામ*

## *મોરબી મહાનગરપાલિકા*

## *આરોગ્ય વિભાગ*

## *નીલ*

## ***પ્રકરણ-૧૫ (નિયમ સંગ્રહ-૧૪)***

## ***કાર્યો કરવા માટે નક્કી કરેલ ધોરણો***

## ***મોરબી મહાનગરપાલિકા***

## ***આરોગ્ય વિભાગ***

### ***૧૫.૧ વિવિધ પ્રવૃતિઓ / કાર્યક્રમો હાથ ધરવા માટે વિભાગે નક્કી કરેલ ધોરણોની વિગતો નીચે મુજબ છે:***

કાર્યક્રમો હાથ ધરવા માટે વિભાગે નક્કી કરેલ ધોરણોની વિગતો/સરકારશ્રીની ગાઈડ લાઈન મુજબ નક્કી કરેલ ધોરણો.

# ***પ્રકરણ-૧૬ (નિયમ સંગ્રહ-૧૫)***

# ***વિજાણુરૂપે ઉપલબ્ધ માહિતી***

# ***મોરબી મહાનગરપાલિકા***

# ***આરોગ્ય વિભાગ***

***૧૬.૧*** વિજાણુંરૂપે જન્મ મરણ સર્ટીફીકેટની કામગીરી કોમ્પ્યુટરાઈઝેશનથી સને ૨૦૧૮ થી કરવામાં આવે છે.

***૧૬.૨*** વિજાણુંરૂપે લગ્ન નોંધણી સર્ટીફીકેટની કામગીરી કોમ્પ્યુટરાઈઝેશનથી સને ૨૦૦૮ થી કરવામાં આવે છે.

## પ્રકરણ-૧૭ (નિયમ સંગ્રહ-૧૬)

## કાર્યો કરવા માટે નક્કી કરેલ ધોરણો

## મોરબી મહાનગરપાલિકા

## આરોગ્ય વિભાગ

### ૧૭.૧ લોકોને માહિતી મળે તે માટે વિભાગે અપનાવેલ સાધનોની વિગત નીચે મુજબ છે:

- વર્તમાનપત્રો
- નોટીસ બોર્ડ
- કચેરીમાં રેકર્ડનું નિરીક્ષણ
- દસ્તાવેજોની નકલો મેળવવાની પદ્ધતિ : નિયત નમુના મુજબ
- ઉપલબ્ધ મુદ્રિત નિયમ સંગ્રહ
- જાહેર તંત્રની વેબસાઇટ :

- જાહેરખબરનાં અન્ય સાધનો : સ્થાનિક ટી.વી. ચેનલો તથા એફ.એમ.રેડિયો મારફત

- ઇ-ટેન્ડરીંગ

- મુદ્રિત માર્ગદર્શિકા પત્રક (પેમ્પલેટ્સ)

- નાટક અને શો

# પ્રકરણ-૧૮ (નિયમ સંગ્રહ-૧૭)

# અન્ય ઉપયોગી માહિતી

# મોરબી મહાનગરપાલિકા

# આરોગ્ય વિભાગ

નિયમ સંગ્રહ-૧૩માં સમાવિષ્ટ ન કરાયેલ હોય તેવા જાહેર-તંત્રએ આપવાના પ્રમાણપત્રો,ના-વાંધા પ્રમાણપત્ર.

| | |
|---|---|
| અરજી કરવા માટેની પાત્રતા | દરેક શહેરી નાગરિક |
| અરજી કરવા માટેના સંપર્કની માહિતી | જન્મ મરણ વિભાગ/સિવિક સેન્ટર |
| અરજી ફી | મોરબી મહાનગરપાલિકાના નિયમાનુસાર |
| અન્ય ફી | લાગુ પડતું નથી. |
| અરજી ફોર્મ | નિયત નમૂનાના છાપેલા ફોર્મ. |
| બિડાણ/દસ્તાવેજોની યાદી | હોસ્પિટલો તરફથી મળેલ ડૉ.સર્ટીફીકેટ તેમજ સુધારા અરજી માટેનાં જરૂરી પુરાવા. |
| અરજી કરવાની પદ્ધતિ | નિયત કરેલ ફોર્મની વિગત પ્રમાણે |
| અરજી મળ્યાં પછી જાહેરતંત્રમાં થનાર પ્રક્રિયા | જરૂરી ફી વસુલ કરી પ્રમાણપત્ર આપવામાં આવે છે તથા સુધારાની અરજી મંજુર થયેથી સુધારો કરવામાં આવે છે. |
| પ્રમાણપત્ર આપવામાં સામાન્ય રીતે લાગતો સમય | મહત્તમ એક અઠવાડિયું |
| પ્રમાણપત્રનો કાયદેસરનો સમયગાળો | નોંધણી થયેથી મહત્તમ એક અઠવાડિયું |
| નવિનીકરણ માટેની પ્રક્રિયા | ઓનલાઈન રજીસ્ટ્રેશન |

| જન્મ મરણ નોંધણીમાં સુધારો કરવા સારૂ રજૂ કરવાના પુરાવાની યાદીઃ (નીચેના પૈકી કોઇપણ ત્રણ પુરાવા) |
|---|
| • આધાર કાર્ડ / ચુંટણી કાર્ડ / પાન કાર્ડ / ડ્રાઇવીંગ લાઇસન્સ / પાસપોર્ટ — કોઇ પણ એક. |
| • રાશન કાર્ડ |
| • લગ્ન નોંધણી પ્રમાણપત્ર |
| • વીજ બીલ / બેંક પાસબુક / ગેસ બીલ / વિમા પોલીસી / મિલ્કત વેરા બીલ — કોઇપણ એક. |
| • અન્ય બાળકનું જન્મ પ્રમાણપત્ર (જેમાં સુધારવા પાત્ર વિગતો હોવી જોઇએ.) |
| • દતક વિધાનનો દસ્તાવેજ (પ્રમાણિત નકલ) – (HAMA મુજબ નોંધાયેલ હોવો ફરજીયાત). |
| • નામદાર કોર્ટ નો હુકમ – HAMA મુજબ રજીસ્ટર ન હોય તેવા કિસ્સામાં . |
| • નોટરાઇઝ્ડ સોગંદનામું – જરૂર જણાશે ત્યારે આપવાનું રહેશે જેની જાણ ઓપરેટર આપને કરશે. |
| • સ્કુલ લીવીંગ સર્ટીફીકેટ અથવા સ્કુલ ટ્રાન્સફર સર્ટીફીકેટ અથવા સ્કુલ બોનાફાઇડ સર્ટીફીકેટ |
| • હોસ્પીટલ દ્વારા નોંધાયેલ વિગતમાં જન્મ કે મરણ તારીખ અને જાતીના સુધારા માટે ડોકટરશ્રીના લેટરપેડ ઉપર સાચી વિગત દર્શાવતું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે. અન્ય કોઈ વિગતમાં ડૉક્ટરશ્રીનું પ્રમાણપત્ર ચાલશે નહી. |

**નોંધ**: સુધારો એ કાયદાકીય ભાગ છે. જે ફક્ત સગવડતા સારૂ છે. આ ફોર્મ ભરવાથી તમામ વિગતો સુધરવી શક્ય નથી આથી અરજી કર્યા બાદ વિશેષ પુરાવા પણ માંગવામાં આવી શકે છે અથવા અરજી નામંજુર પણ થઇ શકે છે.

## (૨)- લગ્ન નોંધણી પ્રમાણપત્ર

| | |
|---|---|
| **અરજી કરવા માટેની પાત્રતા** | લગ્ન નોંધણી માર્ગદર્શિકા મુજબ લગ્ન સમયે કન્યાની ઉંમર ૧૮ વર્ષ અને વરની ઉંમર ૨૧ વર્ષ થયેલી હોવી જોઈએ. |
| **અરજી કરવા માટેના સંપર્કની માહિતી** | લગ્ન નોંધણી વિભાગ, મોરબી મહાનગરપાલિકા |
| **અરજી ફી** | મોરબી મહાનગરપાલિકાના નિયમાનુસાર |
| **અન્ય ફી** | સુધારા અરજી ફી (નિયમાનુસાર). |
| **અરજી ફોર્મ** | નિયત નમૂનાના છાપેલા ફોર્મ. |
| **બિડાણ/દસ્તાવેજોની યાદી** | મુદ્રિત માર્ગદર્શિકા પત્રક મુજબ. |
| **અરજી કરવાની પદ્ધતિ** | નિયત કરેલ ફોર્મની વિગત પ્રમાણે |
| **અરજી મળ્યાં પછી જાહેરતંત્રમાં થનાર પ્રક્રિયા** | જરૂરી ફી વસુલ કરી પ્રમાણપત્ર આપવામાં આવે છે તથા સુધારાની અરજી મંજુર થયેથી સુધારો કરવામાં આવે છે. |
| **પ્રમાણપત્ર આપવામાં સામાન્ય રીતે લાગતો સમય** | મહત્તમ એક અઠવાડિયું |
| **પ્રમાણપત્રનો કાયદેસરનો સમયગાળો** | નોંધણી થયે થી મહત્તમ એક અઠવાડિયું |
| **નવિનીકરણ માટેની પ્રક્રિયા** | ઓનલાઈન રજીસ્ટ્રેશન |

# -:પ્રમાણપત્ર :-

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે, માહિતી અધિકાર અધિનિયમ કલમ-૪ અંતર્ગત સ્વયં જાહેર કરવાની બાબતો પ્રોએક્ટીવ ડિસક્લોઝર આરોગ્ય વિભાગ દ્વારા તૈયાર કરવામાં આવેલ છે અને તારીખ ૩૧/૦૧/૨૦૨૫ ની સ્થિતિએ અમારી મંજૂરી મેળવી અદ્યતન કરવામાં આવેલ છે.

તા- / /૨૦૨૫

સહિ : અવાચ્ય
ડૉ. આર.એન. કોટડિયા
જાહેર માહિતી અધિકારી અને
હોદ્દાની રૂએ આરોગ્ય અધિકારી
આરોગ્ય વિભાગ,
મોરબી મહાનગરપાલિકા